Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ-સંચાલિત

વર્ષ ૩૧ મું
અંક ૯ મો
સં. ૨૦૪૮
સન ૧૯૯૨
જૂન

# પથિક

તંત્રી-મંડળ :
ડૉ. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી: સ્વ. માનસંગજી બારડ

## ઇતિહાસની આરસીમાં : ૧. પુરૂરવા

ભારતીય ઉપખંડમાં પ્રાચીનતમ બે વંશ વિકસ્યા તે ચંદ્રવંશ અને સૂર્યવંશ. વર્ણની દૃષ્ટિએ વિચારતાં આ ગૌર વર્ણ કિંવા ગૌરાંગ અને પીત્ત વર્ણ કિંવા પીતાંગ છે. હિમાલયના પૂર્વ પશ્ચિમ બે વિભાગ કહીએ તો એના પશ્ચિમાર્ધમાં ગૌરાંગ અને પૂર્વાર્ધમાં પીતાંગ વંશોનો વિકાસ થયો કહી શકાય. ચંદ્રવંશ(ગૌરાંગ-white race)નો આદિ પુરુષ પૌરાણિક વંશાવલી પ્રમાણે ઐલ પુરૂરવા છે. એનો અંદાજે સમય કહેવો હોય તો ઈ. પૂ. ૩૦૦૦ આસપાસનો આવે. સૂર્યવંશ(પીતાંગ-yellow race)નો આદિ પુરુષ પૌરાણિક વંશાવલી પ્રમાણે ઈક્ષ્વાકુ છે અને એનો સમય પણ ઈ. પૂ. ૩૦૦૦ આસપાસનો આવે.

આ બંને રાજવીઓનો ઉલ્લેખ ઋગ્વેદ(૧૦-૯૫ અને ૧૦-૬૦-૪)માં થયેલો છે. પુરૂરવા અને ઉર્વશીના સંવાદમાં એ ઋગ્વેદમાં એક પાત્ર છે અને આખું (૯૫ મું) સૂક્ત આપવામાં આવ્યું છે. આ સિવાય બીજી કોઈ વિગત ત્યાં મળતી નથી. અન્યત્ર(ઋ. ૧-૩૧-૪ માં) પણ એનો ઉલ્લેખ થયેલો છે, જ્યાં મનુનો પણ ઉલ્લેખ છે. પુરૂરવા અને ઉર્વશીનો સંવાદ શતપથ બ્રાહ્મણ(૧૦-૫. ૧, ૧)માં ઋગ્વેદના તદ્વિષયક મંત્રો ઉલ્લિખિત કરીને કરવામાં આવ્યો છે ત્યાં એને 'ઐલ' પણ કહ્યો છે, અર્થાત્ 'ઇલ' કે 'ઇલા'નો પુત્ર. પુરાણોના મનુની શાપિત પુત્રી 'ઇલા'માં ચંદ્રના પુત્ર બુધથી ઉત્પત્તિ કહી છે, એનું મૂલ્ય પૌરાણિક ગાથાથી વધુ નથી. ઇતિહાસમાં આપણે માટે એ ચંદ્રવંશનો આદિ પુરુષ છે એ મહત્ત્વની વાત છે. એની રાજધાની પ્રયાગ પાસે પ્રતિષ્ઠાન (પછીનું પૈઠણ).

—તંત્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૩. પ્રેમની પ્રતિમા :** લે. શ્રી પ્રાગજીભાઈ એ. પટેલ, પ્ર. શ્રી. ભાનુમતી ગૌરવકુમાર પટેલ, 'મિની હાઉસ, જયપ્રદા સોસાયટી, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦૦૫૧; ક્રા. ૧૬ પેજી, પૃ. ૪ + ૯૨; ૧૯૯૧; કિં. રૂ. ૧૨/-

લેખકે 'નિવેદન'માં જણાવ્યું છે કે 'જે સહજ છે, નૈસર્ગિક છે એ રૂપ પ્રગટ કરવા માટે યત્ન કરવાની જરૂર છે, કારણ કે જે દેશમાં દીકરીનો જન્મ થાય ત્યારે "લક્ષ્મીજી પધાર્યાં" એમ કહેવાનો રિવાજ છે તે દેશમાં જન્મતી, ઊછરતી બાલિકાઓની સ્થિતિ કેવી છે? મોઢેથી "લક્ષ્મીજી પધાર્યાં" બોલાય છે, પણ મનમાં નિરાશા અને હતાશા જ છે. ખુદ માતાના મનમાં પણ દીકરીને જન્મ આપીને ગુનો કર્યો હોય તેવો અપરાધભાવ રહે છે. છોકરી જન્મે છે તો બધાંના ચહેરા ઊતરી જાય છે. જ્યાં છોકરીના જન્મનું જ આવું અપમાન થતું હોય ત્યાં છોકરીનું આગળનું જીવન કેવું હોય!

'છોકરીના જન્મને ભલે હીન દૃષ્ટિથી જોવાય, ભલે તેની શ્રેષ્ઠતાને ન સ્વીકારી શકાય, પરંતુ હકીકત નોંધવા જેવી એ છે કે પિતા જ્યારે ઘેર આવે છે ત્યારે તે પોતાની દીકરીને જોવા તલસે છે, પતિ પોતાની પત્ની વગર રહી શકતો નથી. પુત્રને હંમેશાં માતાની જરૂર પડે છે.'

લેખકનો આશય નારીની જે વાસ્તવિક શ્રેષ્ઠતા છે તે ૨૫ જેટલા લેખોમાં બતાવી 'નારી પ્રેમની પ્રતિમા' છે એ વાત સ્થાપિત કરવાનો છે, જે યથાર્થ છે. લેખક સ્પષ્ટ થઈને કહે છે કે 'સ્ત્રીને પુરુષની સમાન બનાવવાની જરૂર નથી,' પણ એનું ગૌરવ બરોબર જળવાઈ રહે એનું સમર્થન કરે છે. લેખક ધ્યાન દોરે જ છે કે 'સ્ત્રી-પુરુષના વિશુદ્ધ પ્રેમનું મૂલ્ય ઓછું આંકવામાં ભૂલ કરી છે.' એ અસામાન્ય વસ્તુ છે અને જીવનની સાર્થકતા માટે વિશુદ્ધ પ્રેમ જ અનિવાર્ય છે. લેખકના વિચાર કેટલાક તો સમાજની આંખ ઉઘાડનારા છે.

**૪. સૌરાષ્ટ્રદર્શન :** લેખક અને પ્ર. ડૉ. મહેશચંદ્ર જીવરામભાઈ પંડ્યા, 'મહેરસાગર', ૫-સુભાષનગર, આમ્રપાલી પાસે, રાજકોટ-૩૬૦૦૦૧; ડેમી સિન્ગલ ૮ પેજી પૃ. ૬ + ૬૮: ૧૯૯૦; કિં. રૂા. ૧૫/-

ખાસ કરીને ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના એક કૃતપ્રયત્ન વિદ્વાન, સૌ. યુનિ. ઇતિહાસ વિભાગના વાચક ડૉ. પંડ્યાના સૌરાષ્ટ્રને લગતા આઠ લેખોનો આ સંગ્રહગ્રંથ છે. વિષયોનું પણ વૈવિધ્ય છે, જેવું કે 'સૌરાષ્ટ્ર કચ્છના વર્તમાન અને લુપ્ત સંપ્રદાયો' 'ગોંડલના મહારાજા ભગવતસિંહજીની શિક્ષણનીતિ' 'સૌરાષ્ટ્રમાં બ્રિટિશ હકૂમતની સ્થાપના અને દેશી રાજ્યો સાથેના સંબંધો 'નિજાનંદ સંપ્રદાયના પ્રવર્તક શ્રીપ્રાણનાથજીનું રાજકીય ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન' 'અલખનો આરાધક ત્રિકમ સાહેબ' 'રાજકોટ સંસ્થાનમાં લોકપ્રતિનિધિ સભા : સ્વરૂપ અને કાર્યક્ષેત્ર' 'સૌરાષ્ટ્રનો સપૂત : નારણદાસ ખુશાલચંદ ગાંધી' અને 'સૌરાષ્ટ્રમાં રેલવેનો પ્રારંભ અને તેના વિકાસની રૂપરેખા.'

પ્રત્યેક લેખ સપ્રમાણ માહિતીથી સભર છે તથા સૌરાષ્ટ્રના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના લેખનમાં સહાયક થઈ પડે તેવો છે.

**૫. અતીતની અટારીએથી** (સચિત્ર) **:** લે. અને પ્ર. શ્રી. પુષ્પકાંત વિષ્ણુશંકર ધોળકિયા, 'શ્રદ્ધેય', રામચંદ્રજીના મંદિર પાસે, નાગરરોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧; ડેમી સિન્ગલ ૮ પેજી પૃ. ૮ + ૧૫૨; ૧૯૯૨; કિં. રૂા. ૨૫/-

"આમુખ"માં અમે જણાવ્યું છે તે પ્રમાણે "ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છના એક આરૂઢ પુરાતત્ત્વવિદ અને મ્યુઝિયોલૉજિસ્ટ" વિદ્વાનના નાના મોટા ૧૨ લેખોનો આ સંગ્રહ છે. વિષયોની દૃષ્ટિએ 'વૈષ્ણવ ધર્મની પ્રાચીનતા તથા વિષ્ણુનું મૂર્તિવિધાન' 'સૌરાષ્ટ્રમાં શાક્તો અને શક્તિ-ઉપાસના' 'શૈવ ધર્મનું મહત્ત્વ' 'પ્રભાસના કિલ્લા પર મહારાજા શ્રીરાયસિંહ રાઠોડનું આધિપત્ય' 'મહાન પુરાવિદ

[પાછળ ચાલુ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાભાર સ્વીકાર

**૧. ચાલો હસીએ :** લેખક શ્રી. નટવરલાલ શંકરલાલ જોશી, ૧૬, અંબિકાકુંજ સોસાયટી, મણિનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮; ક્રાઉન ૧૬ પેજી પૃ. ૮ + ૧૫૨; ૧૯૯૧; કિ. રૂ. ૩૫/–

શિક્ષકના વ્યવસાયમાં ગળાડૂબ રહેલા શ્રી. નટવરલાલ જોશીની કાવ્યક્ષેત્રે અને હાસ્ય કટાક્ષ ક્ષેત્રે પ્રસિદ્ધ થયેલી ૧૧ જેટલી સંગ્રહ–રચનાઓમાં આ ૧૦મી રચના છે. આ પછી ૧૧મી 'રમૂજી વ્યક્તિઓ' એ શીર્ષકની રમૂજ–ભરેલી રચના આ વર્ષમાં પ્રસિદ્ધ થઈ છે. 'પથિક'ના દીપોત્સવાંકોમાં એમનાં પુસ્તકો તેમજ ખંડકાવ્યો (નાનાં નાનાં) છપાયા કરે છે. રમૂજી પુસ્તકો પણ છપાયાં છે. શ્રી. જોશી હાસ્યરસના પણ એક અચ્છા ભૂગર્ભીય લેખક છે, એ એમના હાસ્યકટાક્ષ-ભરેલા છએક જેટલા સંગ્રહગ્રંથોથી અનુભવાય છે. 'ચાલો હસીએ' આ સંગ્રહમાં ૨૫ જેટલી રચનાઓ સંગૃહીત થયેલી છે. એકેએક રચનામાં એમની રમૂજી લાક્ષણિકતા તરી આવે છે. 'ઓછું જમાડવાની કળા' 'શેઠ ફરવા ગયા' 'અજ્ઞાત ભાષાભિમાની' 'હિંદુઓની વિશિષ્ટતા' 'મિયાંનો રમૂજી સ્વભાવ' 'બે પત્નીના લાભો' 'પીએચ.ડી.ના વિષયો' 'દંપતી પાસે કરાવેલી સામાસામી શિક્ષા' 'કૌભાંડયુગ' આવા આવા વિષયો લઈને એમણે મર્મહાસ્યથી લઈને અટ્ટહાસ્ય સુધી વાચકોને લઈ જવામાં સફળતા મેળવી છે. આ સંગ્રહના પ્રકાશન માટે ધન્યવાદ.

**૨. અંતરની વાત :** લે. શ્રી વિઠ્ઠલભાઈ પુ. પટેલ, પ્ર. શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, શ્રદ્ધા, કલ્યાણબાગ, કાંકરિયા, અમદાવાદ–૩૮૦૦૨૮; ક્રાઉન ૧૬ પેજી પૃ. ૮ + ૧૩૬; ૧૯૯૨; કિં. રૂ. ૩૦/–

'સંસ્કાર પરિવાર'–વડોદરાના નિયામક, અનેક સંસ્કારપ્રવૃત્તિઓના આયોજક, ચિંતનશીલ વિચારક શ્રી. વિઠ્ઠલભાઈ પટેલના અનેક ગંભીર વિષયોથી ભરેલા ૨૮ લેખોનો પાંચ પરિશિષ્ટો સાથેનો આ સંગ્રહગ્રંથ છે. લેખક જણાવે છે તે પ્રમાણે 'સંસ્કાર' પરિવાર–પ્રવૃત્તિ પત્રિકામાં પ્રથમ શરૂઆતમાં 'હૃદયમાં મંથન પામતા વિચારો' સહજભાવે લખવાનો યોગ ઊભો થતાં 'પોસ્ટમેન' માસિકમાં એક એક લખવામાં આવ્યો તેવા લેખોનો આ સંગ્રહ છે. અહીં 'કુષ્ઠરોગીઓની સેવા' 'આઝાદી : આર્થિક સ્વતંત્રતા' 'માનવ : સમાજ ઉન્નતિ' 'શુભ કાર્યોની કદર' 'દાનના પ્રકાર' 'સંસ્કાર માસિક–સંસ્કાર પરિવાર' 'પ્રવૃત્તિમય નિવૃત્તિ' 'જીવન પ્રત્યે સમાદર' 'સંસ્કારની દશાબ્દી' 'બારમે વર્ષે' 'સમાદર : યુવાન–વૃદ્ધો' 'પંદરમા વર્ષમાં પ્રવેશ' 'પંદરમા વર્ષાન્તે' 'સદ્વાચન–પુસ્તકપ્રેમ' 'એક અનોખી પળ' 'તેજસ્વી વિચારોનું અનુશીલન' 'મહેંક' 'ક્ષતિવાળું શિક્ષણ' 'પુસ્તકાલયની અગત્ય' 'આપણી અને બીજાની દૃષ્ટિ' 'સમર્પિત માનવીઓ' 'કર્તવ્ય–નિષ્ઠાનો મધુર આનંદ' 'સૌજન્ય' 'સંસ્કારની વાત આગવી' 'ઘૂંટાયેલા વિચાર' 'માનવી વિષે માનવીની વાત' 'સાચા સુખની વાત' અને 'જીવન બેન્કનો એકાઉન્ટ' એ લેખો સંગ્રહાયા છે. આ લેખોમાં એક અનુભવી સમાજસેવકનાં લોકસંપર્કમાંથી તારવેલાં તારણ જોવા મળે છે. નિખાલસ હૃદયના એક તટસ્થ દર્શકના આ વિચાર હોઈ સમાજને ઉપયોગી બને તેવા છે. પાંચ પરિશિષ્ટોમાં 'અંતરને અજવાળે' 'વનમાં (એકાવનમા વર્ષનાં) પ્રવેશતાં' 'મનસુખ સ્વામીએ લીધેલી શ્રી વિઠ્ઠલભાઈની મુલાકાતનો અહેવાલ' 'શ્રી વિઠ્ઠલભાઈના જીવનના મહત્ત્વના પ્રસંગોનો ખ્યાલ (પ્રશ્નોત્તરીના રૂપમાં' અને શ્રી હરભાઈ ત્રિવેદીના અવસાને શ્રી. વિઠ્ઠલભાઈએ આપેલી 'અંજલિ' આ પાંચ લેખ છે. પુસ્તકના છેલ્લા ૪ થા મુખપૃષ્ઠ ઉપરની એમની 'અંતિમ ઇચ્છા' પણ ધ્યાનમાં લેવા જેવી છે. 'ચક્ષુદાનનો સંકલ્પ' અને અવસાન પછી કોઈ પણ માન–પાન–ગુણગાન વગેરે ન થાય એવી ભાવના. ધન્યવાદ.

[પૂંઠી ૩ જી ઉપર ચાલુ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ મને મોકલવી.

• 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

• પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

• કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

• કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

• 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો—અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

• અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

• નમૂનાના અંકની નકલ માટે ૪-૫૦ ની ટિકિટો મોકલવી.

મ.ઑ. ડ્રાફ્ટ પત્રો લેખો

પથિક કાર્યાલય, મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

તંત્રી-મંડળ ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.૩૦/-

ડૉ. કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-, છૂટક રૂ. ૪/-

૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત

વર્ષ ૩૧ ] જ્યેષ્ઠ, સં. ૨૦૪૮ : જૂન, સને ૧૯૯૨ [અંક ૯

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ઇતિહાસની આરસીમાં : ૧. પુરૂરવા | તંત્રી | મુખપૃષ્ઠ ૧ |
| સાભાર સ્વીકાર | " " | ૨ |
| ગાંધીવાદ વિરુદ્ધ નેહરુવાદ | ડૉ. હરીશ વ્યાસ | ૨ |
| ઘોઘાનું નૃસિંહમંદિર | ડૉ. વિષ્ણુભાઈ ત્રિવેદી | ૫ |
| સૌરાષ્ટ્રનાં ગામોનાં નામકરણ | શ્રી. જગદીશ ચં. છાયા | ૧૧ |
| કચ્છનાં—નાનું—મોટું એ રણો | તંત્રી | ૧૨ |
| સૌંદર્યધામ સાદરા | શ્રી. ધનેશ રાવળ | ૧૩ |
| પોરબંદરમાં મોહનદાસ ગાંધીનું પ્રથમ સંમાન | શ્રી. નલિનકાંત જોશી | ૧૫ |
| દુરસાજી આઢા | શ્રી. હસમુખભાઈ વ્યાસ | ૧૭ |
| મૌર્યયુગ અને કચ્છ | શ્રી. સંજય પી. ઠાકર | ૧૯ |
| વઢવાણ પ્રજાપરિષદની લડત | ડૉ મહેબૂબ દેસાઈ | ૨૧ |
| આયનામહેલનું અનેરું આકર્ષણ | શ્રી. પ્રમોદ જેઠી | ૨૬ |


## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઑ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. સરનામામાં ગોળ વર્તુલમાં પહેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે. અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/-થી અને આજીવન સહાયક રૂ. ૩૦૧/-થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઑ. કે ડ્રાફટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ આવતી વધુ ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.

લવાજમ બાકી થાય તે તરત મોકલવા વિનંતિ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગાંધીવાદ વિરુદ્ધ નેહરુવાદ

ડૉ. હરીશ વ્યાસ

**રાષ્ટ્રીય આકાંક્ષા :** ખૂબીની વાત તો એ છે કે દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં પંડિત જવાહરલાલ નેહરુ, એમના પિતા, એમનાં બહેનો, એમનાં પત્ની અને સારોયે નેહરુ-પરિવાર ગાંધીજીની સાથે જ રહ્યો. ત્યાગ, સેવા, બલિદાન વગેરેમાં એઓ લવલેશ પાછળ ન રહ્યા. સત્યાગ્રહો, સવિનય કાનૂનભંગ, અસહકાર, 'હિન્દ છોડો' લડત, પિકેટિંગ વગેરેમાંયે એમના સમસ્ત પરિવારે ભાગીદારી નોંધાવેલી. સાદાઈ, સૌમ્યતા, સરળતા, નિખાલસતા, નમ્રતા, વિનયશીલતા વગેરે સદ્‌ગુણોને કારણે સરદાર વલ્લભભાઈ પટેલ, ચક્રવર્તી રાજગોપાલાચારી, રાજેન્દ્રબાબુ, આચાર્ય કૃપાલાણી, મૌલાના અબુલ કલામ આઝાદ, ડૉ. અન્સારી, પટ્ટાભિસિતારામૈયા, ગોવિન્દવલ્લભ પન્ત, અબ્દુલ ગફારખાન વગેરેમાં એમનું વ્યક્તિત્વ આગવી જ છાપ ઊભી કરતું, જેથી એઓ ગાંધીજીના લગભગ પ્રિય પાત્ર બની ગયા ! એ એટલે સુધી કે 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના એક પત્રકારની પ્રશ્નોત્તરીમાં ગાંધીજીએ જવાહરલાલને પોતાના 'રાજકીય વારસદાર' અને સન્ત વિનોબાજીને પોતાના 'આધ્યાત્મિક વારસદાર' તરીકે ગણાવ્યા. લોકોને એ લોભામણા અને પટામણા વ્યક્તિત્વને જોઈને લાગતું કે જરૂર એઓ ગાંધીજીનો વારસો બરાબર શોભાવશે અને દેશને સુખી, સમૃદ્ધ અને આબાદ કરશે.

**ગાંધીદર્શન :** 'હિન્દ સ્વરાજ્ય' મેળવ્યા બાદ ગાંધીજી દેશમાં 'ગ્રામસ્વરાજ્ય યા લોકસ્વરાજ્ય' દ્વારા 'સર્વોદય સમાજ' રચવા ઇચ્છતા હતા, એટલું જ નહિ, "અઢારવિધ રચનાત્મક કાર્યક્રમોનો સંપૂર્ણ અમલ એ જ છે સાચું સ્વરાજ્ય" એમ કહીને રચનાત્મક રાજકારણ યા લોકનીતિનો માર્ગ ચીંધી રહ્યા હતા. 'અખિલ હિન્દ રાષ્ટ્રિય મહાસભા'નું રાજકીય સ્વાતંત્ર્યપ્રાપ્તિનું કાર્ય પૂરું થયું છે એટલે એનું વિસર્જન કરીને 'લોકસેવક સંઘ' સ્થાપવા માટે એમણે ખરડો તૈયાર કર્યો હતો. તા. ૧૫-૮-૧૯૪૭ના દિવસે સ્વરાજ્ય મળ્યા બાદ એમણે સાડા પાંચ માસ દરમ્યાન જે ઘટનાઓ, જે વહીવટ, જે જનતાની દુર્દશા, ખુરશી માટેની ખેંચાતાણી, સત્તા-સંપત્તિ-હોદ્દાઓ પાછળની દોડાદોડી, ભારતના ભાગલા, કોમી રમખાણો, પુનર્વસવાટના પ્રશ્નો, આગ, હિંસા, તોફાનો, મારામારી, લૂંટફાટ, બળાત્કારો, અત્યાચારો વગેરે જોયાં ત્યારે એમનું દિલ રડી ઊઠ્યું ! "શું આવું બધું જોવા માટે મેં સ્વરાજ્યની લડત કરી હતી ?...શું મારા જ સાથીઓ મારી ઉપેક્ષા અને અવગણના કરી રહ્યા છે ?...શું આ બધા લોકો સત્તા, સંપત્તિ અને હોદ્દાઓ હાંસલ કરવા માટે જ મારી સાથે જોડાયા હતા ?" રાષ્ટ્રપિતા ગાંધીજીએ સવાસો વર્ષ જીવવાની ઝંખના પ્રગટ કરી હતી. આ સત્તા, સંપત્તિ અને પ્રતિષ્ઠાઓ-હોદ્દાઓ કબજે કરવા માટેનું 'નગ્ન નૃત્ય' જોઈને એ ભારે વિમાસણ, મૂંઝવણ, દુઃખ અને બેચેની અનુભવતા હતા અને એટલે જ એમને કહેવું પડેલું કે "હે ઈશ્વર ! શું મારે આવું બધું જોવા માટે જીવવાનું ? હવે મારે સવાસો વર્ષ નથી જીવવું !...આવું બધું જોવું પડે એના કરતાં તો બહેતર છે કે તું મને પાછો બોલાવી લે !" 'દિલ્હી ડાયરી'માં નોંધાયેલી આ બધી વાતો ખૂબ વેદનાપૂર્ણ છે ! ખેર, ગાંધીજી ઇચ્છે કે ન ઇચ્છે તોયે એમણે વર્ણવેલ 'સત્તા માટેનું નગ્ન નૃત્ય' અને ભયંકર વિનાશ માટેનું 'પતંગનૃત્ય' ત્યારથી શરૂ થઈને ઉત્તરોત્તર જોરદાર, ઉત્કટ તથા તીવ્ર ગતિશીલ બનતાં ગયાં છે અને સમયના વિષમ પ્રવાહમાં 'સેવા માટે સત્તા, સંપત્તિ અને હોદ્દા-પ્રતિષ્ઠા' એ ગાંધીભાવનાઓ ઉત્તરોત્તર ક્ષીણ તથા નષ્ટ થતી થઈ, એટલું જ નહિ, રચનાત્મક રાજકારણ યા લોકકારણને બદલે સત્તાનું રાજકારણ અને પક્ષીય રાજકારણ જોરદાર બનતાં ગયાં, જેનો યશ નેહરુજી અને એમના સાથીઓને ફાળે જાય છે.

**વિદેશી કરજના ડુંગરા :** તા. ૩૦-૧-૧૯૪૮ના દિવસે ગાંધીજી અવસાન પામ્યા અને દેશના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિર્માણ માટે જાણે બે ફાંટા પડી ગયા: (૧) નેહરુનો 'કલ્યાણ રાજ્યવાદ' અને વિનોબાજીનો 'સર્વોદય'. જે રાષ્ટ્રપિતા ગાંધીજીના માર્ગે સ્વરાજ્ય મેળવ્યું હતું તે જ રાષ્ટ્રપિતાનો નવનિર્માણનો માર્ગ ત્યજી દીધો અને માર્ક્સવાદ, સમાજવાદ અને સામ્યવાદ તથા પાશ્ચાત્ય લોકશાહીની રીતરસમથી આકર્ષિત થયેલા જવાહરલાલે રશિયા-અમેરિકાને માર્ગે ભારતનું નવનિર્માણ કરવાનો માર્ગ અપનાવ્યો, જે 'નેહરુવાદ' યા 'કલ્યાણ રાજ્યવાદ'ને નામે પ્રચલિત થયો. કોણ જાણે નેહરુને મહર્ષિ ચાર્વાક અને પ્રખ્યાત અર્થશાસ્ત્રી કેઈન્સની વિચારધારા-ભોગવાદી વિચારસરણી ખૂબ ગમી ગઈ! ચાર્વાકના મતે, "ऋणं कृत्वा घृतं पिबेत् ।" એટલે 'દેવું કરીને ઘી પીઓ,' અર્થાત્ 'દેવું કરીને પણ રાષ્ટ્રનો વિકાસ કરો' એ વિચારધારા ખૂબ આકર્ષી ગઈ, જેને પરિણામે છેલ્લાં ૪૪ વર્ષમાં ભારતને માથે વિદેશી કરજના ડુંગરા ઉપર ડુંગરા ખડકાતા જ ગયા અને કરજના ભીષણ હિમાલય નીચે સારોયે દેશ વધુ ને વધુ ડૂબતો ગયો! કરજ એટલું બધું વધી ગયું છે કે મુદ્દલ ચૂકવવાની તો શું, વ્યાજ ચૂકવવાનીયે તાકાત શાસકોમાં રહી નથી! એટલે વિદેશી કરજ મેળવીને આ શાસકો વ્યાજ ચૂકવવા પ્રયાસો કરે છે અને આ દેશને વધુ ને વધુ વિદેશી કરજના હિમાલય નીચે ભીંસી રહ્યા છે! હા, કહેવું હોય તો જરૂર કહી શકાય કે આ દેશના વડા પ્રધાનથી પ્રધાનો સુધી તેમજ મુખ્ય મંત્રીઓથી માંડીને મંત્રીઓ સુધી, એકેએક પ્રધાન ઈસ્ત્રીટાઈટ કપડાં પહેરીને, એરોપ્લેનોમાં બેસીને માગણિયાટની પેઠે ભિખારીની જેમ ભીખ માગવાના ધંધા કરે છે અને ભારતની આબરૂનું ભયંકર લીલામ દુનિયામાં કરી રહ્યા છે! એટલી બધી હદ બહારનું કરજ આ લોકો વિશ્વ બેન્ક, આઈ. એમ. એફ., આંતરરાષ્ટ્રિય નાણાંભંડોળ અને વિવિધ દેશો પાસેથી મેળવી રહ્યા છે કે એક દિવસ ભારતને નાદારી કાઢવાનો સમય આવશે કે જ્યારે રૂપિયાની નોટો વિશ્વબજારમાં કાગળનાં ચીંથરાં બની જશે, જેની એક કોડી સરખી-યે ઊપજશે નહિ! આટલી ભયંકર હદ સુધી આ શાસકો નીચે ને નીચે નફ્ફટ, નિષ્ઠુર અને સ્વાર્થાન્ધ બનીને અધઃપતન તરફ દેશને ઢસડી રહ્યા છે, જેના પરિણામે દેશમાં ભયંકર ગરીબી, મોંઘવારી, વિષમતા, કુશિક્ષણ, લાંચરુશ્વતો, ફુગાવો, અવમૂલ્યન તથા ભ્રષ્ટાચારો પરાકાષ્ઠાએ પહોંચી ગયાં છે!

**કલ્યાણ રાજ્યવાદ:** બીજી બાજુએ આ કલ્યાણ રાજ્યવાદે 'રાજ્ય જ પ્રજાનું કલ્યાણ કરશે' એ સૂત્રને ઠીક ઠીક જોરદાર બનાવી દીધું છે, જેને લીધે સત્તાનું કેન્દ્રીકરણ, વહીવટોનું કેન્દ્રીકરણ, વ્યવસ્થાઓનું અને આર્થિક કેન્દ્રીકરણ પણ વધતાં જ ગયાં છે. કહેવાય છે કે આ દેશમાં લોકોનું તંત્ર છે, લોકો 'શાહ'-રાજા બન્યા છે! પણ રાજા તો બિચારો, બાપડો, દીન, હીન અને વિવશ બની ગયો છે, એટલું જ નહિ, ક્યાં છે એ લોકરાજા, જેને એના મુનીમો, સેવકો કે નોકરો તો લવલેશ કાંઈ પૂછતા જ નથી? નોકરો અમનચમન, મોજશોખ, વૈભવવિલાસ અને ફાઈવસ્ટાર હોટેલોમાં લીલા-લહેર કરે છે! વારુ, પેલો લોકરાજા કેવી ભયંકર દશામાં છે? દેશમાં બે લાખ ગામડાં એવાં છે, જ્યાં પીવાનું પાણી જ લોકોને મળતું નથી! ૪૦ કરોડ લોકો ગરીબીની રેખા નીચે જીવે છે, જેની સરાસરી દૈનિક આવક એક રૂપિયાથી ઓછી છે! અને એ એક રૂપિયો એટલો બધો નાનકડો થઈ ગયો છે કે જેમાંથી ૫૦ સિંગ-ચણાયે મેળવવાં દુર્લભ છે! એક ટંક પેટ ભરીને ભોજનેય નહિ, બલ્કે અધો-પધો એક ટંક નાસ્તો કરીને લોકરાજા જીવે છે! તદુપરાંત દેશમાં બાર કરોડ લોકો સંપૂર્ણ બેકારીનો ભોગ બન્યા છે, બલ્કે ૪૦+૧૨=૫૨ કરોડ લોકરાજાઓ અર્ધબેકાર યા સંપૂર્ણ બેકાર બનીને જીવે છે, જેમની પાસે આ શાસકો(આપણા નોકરો)એ પશુને મળતી સામાન્ય જરૂરિયાતો, બલ્કે રોજી, રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને સારવારને ૪૪ વર્ષના અમલ દરમ્યાન પહોંચવા દીધાં નથી! આજેય દેશમાં ૮૬ કરોડ લોકોમાંથી ૬૫ કરોડ લોકો નિરક્ષર, અભણ અને અજ્ઞાન દશામાં જીવે છે. દેશમાં સાડા પાંચ લાખ ગામડાંઓમાંથી અઢી લાખ ગામડાંઓમાં શાળાઓ, મકાનો કે શિક્ષકોનાં ઠેકાણાં જ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી ! પછી પુસ્તકાલયો, વાચનાલયો, વ્યાયામમન્દિરો, ઉદ્યોગમન્દિરો, બાલમન્દિરો અને આરોગ્યકેન્દ્રોની વાત એનાથીયે વિશેષ દીનતાકરી છે ! આ છે આપણા નેહરુના કલ્યાણ રાજ્યવાદના કલ્યાણવિકાસનો ભયંકર ચિતાર ! વળી આ શાસકોએ બિચારા લોકરાજાને જ્ઞાતિ, જાતિ, કોમ, સંપ્રદાય, પક્ષ અને અનામતોને નામે એવો તો ફેંદીને છિન્નછિન્ન કરી નાખ્યો છે કે પૂછવાનું મન થાય છે ! "ક્યાં છે એ લોક, ક્યાં છે એ લોકરાજા ?" આપણા મુનીમો, સેઠો અને નોકરોએ તો આ 'લોકરાજા'ને સાવ છિન્નભિન્ન, વિચ્છિન્ન અને નષ્ટપ્રાય : મૃતપ્રાય બનાવી દીધો છે અને લોકો, લોકતંત્ર અને કલ્યાણરાજ્યને નામે તમામ સત્તાઓ, વહીવટો, વ્યવસ્થાઓ અને આર્થિક બાબતોનું કેન્દ્રીકરણ કર્યું છે. ગાંધીજીએ કલ્પેલી વિકેન્દ્રિત વ્યવસ્થા, ગ્રામસ્વરાજ્ય અને લોકસ્વરાજ્યને લગભગ ખલાસ કરી નખાયાં છે ! ગાંધીજીના સ્વપ્નાના ચૂરેચૂરા કરી નખાયા છે; એને છીન્નવિછીન્ન અને દીર્ણવિદીર્ણ કરી નખાયું છે !

**સ્વદેશી વિરુદ્ધ પરદેશી :** ત્રીજી બાજુએ આ નેહરુવાદી શાસકોએ ભારતમાં ૧૫૦૦ વિદેશી કમ્પનીઓને બોલાવીને, ૩૭૫૦ કારખાનાં નખાવરાવ્યાં છે, જેનાથી દેશમાં બેકારી, શોષણ અને આર્થિક લૂંટ માટે એમણે વિદેશીઓને તક આપી છે, એટલું જ નહિ, નરસિંહરાવ અને મનમોહનસિંહની કોંગી સરકારે ૫૧ ટકા વિદેશી કમ્પનીઓને નિમંત્રીને હજારો વધુ વિદેશી કારખાનાં નાખવા માટે સામે ચડીને આવાહન કર્યું છે : "હે વિદેશીઓ ! અમારા દેશમાં આવો, કારખાનાં નાખો અને અમારા દેશી કામદારોને બેકાર બનાવો, અમારા દેશનું શોષણ કરો અને આર્થિક લૂંટ કરીને અમારા દેશને પૂરો પાયમાલ કરો તથા તમારા દેશોને વધુ આબાદ, વધુ સમૃદ્ધ અને વધુ સુખી બનાવો." રાવની સરકાર આને ઉદારીકરણ (લિબરલિઝેશન) કહે છે. ખેર, આ ઉદારીકરણ નથી, આ તો છે ભારતનું વિદેશી ગુલામીકરણ. સામે ચડીને દેશને બરબાદ, પાયમાલ અને લૂંટાવવા માટે. કોઈ બેવકૂફ શાસકોના નમૂના જો જોવા હોય તો એ છે નેહરુવંશના શાસકો ! શાસકોને પૂછવાનું મન થાય છે કે ભારતના, ગુજરાતના કે અન્ય પ્રાંતોના લોકો શા માટે અહીંથી આફ્રિકા, મોરેશ્યસ, ફીજી વગેરે દેશોમાં ગયા હતા ? શું આ લોકો સ્થાનિક લોકોને લૂંટીને, શોષીને પોતાને અને પોતાના દેશને સમૃદ્ધ સંપન્ન કરવા નહોતા ગયા ? ત્યાંથી લક્ષ્મીને ઢસડી, ઘસડી અને ઉઝરડીને લાવવા નહોતા ગયા ! તો એના ઉપરથી સમજી લેવા જેવું છે કે ચાહે અમેરિકા, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની, જાપાન, રશિયા, બેલ્જિયમ આ દેશને આબાદ કરવા માટે પોતાની વિદેશી કમ્પનીઓનાં કારખાનાં શાને નાખી રહ્યાં છે ! સાફ વાત છે ભારતની સંપત્તિને ઢસડી, ઘસડી અને ઉઝરડીને પોતાના દેશોને આબાદ કરવાની ! આ વિદેશી કમ્પનીઓ ૫૧ ટકા ઉદ્યોગો, કારખાનાં કે ફેક્ટરીઓ નાખશે એનું શું પરિણામ આવશે એ વિગતે જોઈ લઈએ : (૧) આ દેશનો કાચો માલ ગામડાં કે શહેરોમાંથી પોતાનાં ઉદ્યોગો-કારખાનાં માટે ઢસડી જશે, જેથી હસ્તોદ્યોગો, ગ્રામોદ્યોગો, કુટિર-ઉદ્યોગો તેમજ દેશી કારખાનાં અને ઉદ્યોગો વચ્ચે કાચો માલ ખરીદવાની ભારે હરીફાઈ થતાં કાચો માલ ખૂબ મોંઘો થઈ જશે, જે ખરીદવાનું આપણા દેશી ઉદ્યોગોને પરવડશે નહિ. (૨) વિદેશી કમ્પનીઓ એમનાં કારખાનાઓમાં 'હાયર મિકેનિઝેશન'-ઉચ્ચતર યાંત્રિકીકરણ, 'ઑટોમેશન'-સ્વયંસંચાલનની ટેકનિકો તથા 'રેશનાલિઝેશન એન્ડ મોડર્નિઝેશન'-આધુનિકીકરણ અને અદ્યતનીકરણ કરશે, જેને લીધે ઓછામાં ઓછા માણસોને કામ મળશે, જેથી દેશમાં બેકારી-બેરોજગારી ઓર વધશે. (૩) વિદેશી કારખાનાં 'સુપરફાઈન'-અતિશય સુંદર માલ તૈયાર કરશે, જેથી આપણાં બજારોમાં એમના માલ સામે આપણા દેશી ઉદ્યોગોનો માલ કાતિલ સ્પર્ધામાં ટકી શકશે નહિ, જેથી આપણાં બજારોમાં દેશી ઉદ્યોગોના માલની નહિ, બલ્કે

[અનુસંધાન પાના ૨૮ ઉપર]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઘોઘાનું નૃસિંહમંદિર

ડૉ. વિષ્ણુભાઈ ત્રિવેદી

ઘોઘા સૌરાષ્ટ્રના પૂર્વ કાંઠા પર ઉત્તરના અર્ધા ભાગના છેડે આવેલું જૂનું પુરાણું બંદર છે. સૌરાષ્ટ્રના આ કાંઠા પર વહેતી માલેશ્રી નદીના કેટલાક ફાંટામાંના એકાદને એના બંદરની મુખ્ય નાળી ગણાય અને પ્રાચીનતાની દૃષ્ટિએ જોઈએ તો એ વલભી રાજ્યના એક જિલ્લા-મથક જેવા મૂળ હસ્તવપ્રનું ઉપ-બંદર પણ હોય ! આ સક્રિય બંદરનો ઇતિહાસ ઈસુ પૂર્વે બીજી-ત્રીજી સદી પર્યંતનો હશે એવી ગણતરી છે, પણ પ્રાપ્ત સંશોધનોથી તૈયાર થયેલ ઇતિહાસ ઈસુના ચોથા-પાંચમા શતક સુધીનો મળી શકે છે. મુસ્લિમ-આક્રમણ એટલે આરબો અહીં છઠ્ઠી-સાતમી સદીમાં આવ્યાના અભિલેખીય પુરાવા છે. ત્યાર પછી સ્થાનિક રાજવીકુળો અને મુસ્લિમ સરદારોનાં યુદ્ધો થયાં, પણ વેપારી તથા દરિયાખેડુ પ્રજાજીવન પર ખાસ અસરો પહોંચી નહિ અને પ્રસ્તુત વિષયનું મંદિર આજના ઘોઘાના પ્રવેશદ્વારમાં જ સમુદ્ર તથા આજે વિકસી રહેલ નગરના માર્ગમાં આવેલ મંદિર-સંકુલમાં જ આવેલું છે. સન ૧૯૮૦ થી ૯૦ પ્રથમ તબક્કાનું અત્રે દર્શન કરાવ્યું છે, જે વધુ ઐતિહાસિક છે. હાલ તો એ "સરાઈ"ની મધ્યમાંનું જૂનું મંદિર કાળ સામે ટકવાની સંભાવના ન દેખાતાં ભાવિકોએ ત્યાં નવું શિખરબંધ મંદિર કરાવી લીધું છે. સારી વાત એ છે કે આ મંદિરમાંની મહત્ત્વની વસ્તુઓ મૂર્તિઓ શિલાલેખ પાડા-લેખો સાચવવામાં આવ્યા છે અને તો છેલ્લી ત્રણેક સદીઓનો જ ઇતિહાસ તપાસીએ, પણ સંદર્ભરૂપે આગળ-પાછળ આવાગમન એના વર્ણનમાં વિક્ષેપ નહિ પાડે એવી આશા રાખવામાં આવે છે.

મંદિરનો પ્રવેશ પૂર્વ તરફ જ હતો. પ્રવેશતાં વચ્ચે એક સારો ચોક છે, જેના ફરતે ઓસરીઓ, પૂર્વ તરફ અને છેડે ઓરડા અને ખૂણા પર નાની મેડીઓ ઉતારેલી, સામે પશ્ચિમ તરફ મધ્યમાં ઓસરીનો ભાગ, દર્શનમંડપ અને સામે મોટા દરવાજાનું માટી-પથ્થરની દીવાલ પર વંજી અને દેશી નળિયાંનું જ શિખર, ફરતા કૂરજામાં વધારે ઓરડા હોય, પણ કાળના પછડાટે તૂટી ગયા હશે. આ એક ઉત્તર ભારતવર્ષની કોઈ ધર્મસ્થળની ધર્મશાળા સાથે મંદિરના સ્થાપત્યનો ખ્યાલ આપે છે. સમગ્ર સ્થળનો આશરે વિસ્તાર ૨૫×૩૫ મીટર ગણી શકાય. આ જ સ્થળે વટેમાર્ગુ કે યાત્રાળુ અથવા પરદેશી લોકો રહે અને નાહીધોઈને ભગવાનનાં દર્શન-પૂજન આદિ પણ અહીં જ પતાવે, પછી જ કામકાજે ધંધે પ્રયાણ કરે. સૌરાષ્ટ્રનાં ઘણાંખરાં ગામોમાં જ્યાં આવી સંસ્થાઓ છે ત્યાં કોઈ પ્રભુના પ્યારા બંદાએ રોટલો ઓટલો અને ઈશ્વરભજનની સુવિધા કરી આપી હોય છે અને કાં ભગતની જગ્યા કે એવાં નામ અપાયેલાં હોય છે. અહીં આ સ્થળને "નૃસિંહમંદિર"ના નામે પેઢીઓથી લોકો, વધારે તો એક વૈષ્ણવ ધાર્મિક સ્થાનરૂપે, ઓળખે છે. અલબત્ત, વરસો પહેલાં એ સરાઈ કે ધર્મશાળા તરીકે ઉપયોગમાં લેવાતી હશે એવી લોકવાયકા ગામમાંના બુઝર્ગો પાસેથી જાણવા મળે છે. નામ 'નરસિંહમંદિર' છે, પણ અગ્રગણ્ય દેવ નૃસિંહ ભગવાન નથી દેખાતા, એમની એકાદ નાનકડી પંચધાતુની મૂર્તિ ગૌણ દેવરૂપે હોય એવું દેખાય છે, પ્રમુખ પૂજ્ય દેવ તો જગદીશ કે જગન્નાથની કાષ્ઠમૂર્તિ છે, જે ત્રણેક સૈકા પહેલાં રાજસ્થાનમાંથી અત્રે લાવી પ્રતિષ્ઠાપિત કરી હોવાનું પૂજારી અને એના એક જૂના દેખરેખ રાખનાર વૈષ્ણવ શ્રેષ્ઠી, આજની પરિભાષાના ટ્રસ્ટી, તરફથી જાણવામાં આવ્યું.

ભગવાન વિષ્ણુના પૂજાતા અવતારો પૈકી આ મંદિરના નામવાળા નૃસિંહ ભગવાનનો અવતાર સારી રીતે પૂજાય છે. એમનાં મંદિરો દેશના અન્ય ભાગોમાં અવશ્ય જોવા મળે છે, પણ સૌરાષ્ટ્રમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓછાં દેખાતાં જણાય છે, કારણ કે શ્રી. મણિભાઈ વોરાએ એમના 'ઊર્મિ–નવરચના', માર્ચ, ૮૦ ના અંકમાંના લેખ "હિંદુ દેવો દેવીઓ"માં મંદિરોની યાદીમાં નૃસિંહમંદિરનો ઉલ્લેખ જોકે કર્યો નથી, પણ ગોપનાથ(તા. તળાજા) મહુવા અને દીવમાં નૃસિંહનાં સ્વતંત્ર નહિ, પણ ગૌણ દેવકુલિકા–રૂપે અસ્તિત્વમાં છે. આ ઘોઘાના સ્વતંત્ર મંદિરનો ઇતિહાસ ભલે બે–ચાર સદી પૂરતો, પણ ઇતિહાસરૂપે અગત્યની કડીઓ જોડે છે; જોકે શ્રુત ઇતિહાસના પ્રમાણે તો આ મંદિરમાંથી કે મંદિરના પરિસર-માંથી મેળવી એ કડીઓ એકબીજાને વ્યવસ્થિત રીતે જોડી શકાય એમ છે. ઘોઘા આજથી અઢીસોથી ત્રણસો વરસ પહેલાં (૧૭ મીથી ૨૦ મીસદીની શરૂઆત) સૌરાષ્ટ્રના પૂર્વ કિનારાનું ખંભાતના અખાત પરનું સારું સક્રિય બંદર હતું. એની સમૃદ્ધિ પણ એવી જ હતી. સમુદ્રયાનોમાં હલેસાં અને સઢની સાથે સબળ શક્તિ પૂરી પાડતાં વરાળયંત્રોનો વપરાશ શરૂ થયો હતો. નાની આગબોટો દરિયો ખેડવા લાગી હતી. અંગ્રેજ કંપની સરકાર અને પછી બ્રિટિશ તાજનું શાસન સ્થિર થતું હતું. સાથે વિલાયતમાં પણ ઔદ્યોગિક ક્રાંતિ આવતાં એની માન્ચેસ્ટર અને લિવરપૂલની કાપડની મિલો કામ કરતી થઈ ગઈ હતી. એઓને ઝીણા તારનું રૂ મિસર અને અમેરિકા પૂરું પાડતાં હતાં, પણ એની ઘરાકી વધારે તો જાડા ખરની રહેતી, જેમાં ભારતવર્ષનું સૌરાષ્ટ્રના ઉત્તર પશ્ચિમ ભાગનું મઠિયું અને વાગડિયું–કપાસનું–રૂ વધારે વપરાતું એટલે ત્યાં દેશમાં–સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં આવા કપાસની મોટી ઘરાકી હતી. સ્થાનિક વેપારી આ કપાસ ખરીદી ઘોઘાના વેપારીને આપે, જે એમાંથી રૂ જુદું પાડી, એની ગાંસડીઓ પ્રેસ કરી સુરત કે મુંબઈ મોકલે, ત્યાંથી ઇંગ્લેન્ડ રવાના થાય. આ ઘટમાળમાં સ્થાનિક વેપારીના જે ઘોઘાના આડતિયા તેઓમાં મારવાડીઓનું એક સારું એવું જૂથ હતું. આ રાજસ્થાનની પેઢીઓના આડતિયા આપણે ઉપર વર્ણવેલ નૃસિંહ–મંદિરની સરાઈમાં રહેતા. એમની પાસેથી કેટલાક અંગ્રેજ વેપારીઓના ખાસ આડતિયા ઘોઘામાં જ આજનાં ચર્ચ અને ખ્રિસ્તી લોકોના રહેણાકમાં આવેલ આલીશાન મકાનોમાં રહેતા હતા. આવો એક બંગલો સન ૧૯૫૦–૬૦ ના દસકામાં આ ખ્રિસ્તી ચર્ચના વિસ્તારમાં લેખકે જોયેલો, જેમાં એક સારા ગ્રંથભંડાર સાથે એક અંગ્રેજ પાદરી સકુટુંબ રહેતા હતા.

ઘોઘાના આ રૂના વેપારના આંકડા તુલનાત્મક રીતે વરસોવરસ વધતા જતા હતા અને સાથે પૂર્વ તથા પૂર્વોત્તર સૌરાષ્ટ્રનું એક જ બંદર ઘોઘા બધી રીતે સુવિધાભર્યું નીવડ્યું હતું. આ વાત ભાવનગરના દીવાન સ્વ. શ્રી. ગૌરીશંકર ઉર્ફે ગગા ઓઝાના જીવનચરિતમાં વાંચવા મળે છે. આમ અંદરના પ્રદેશમાંથી કપાસ બેલગાડીઓ અને પોઠો મારફત ભાવનગર કે ઘોઘા આવે, ત્યાં પિલાય, પ્રેસ થાય અને પછી પરદેશ–ઇંગ્લેન્ડ જ સુરત–મુંબઈ થઈને રવાના થાય. આજે ભાવનગર અને ઘોઘામાં મારવાડીઓના ખાસ રહેણાક–વિસ્તારોમાં આમાંનાં સુખી કુટુંબોનો વસવાટ હતો, એમાં જૈન અને વૈષ્ણવ બંને ધર્મના અનુયાયી રાજસ્થાનીઓ હતા. આમાંના વૈષ્ણવ કે હિંદુધર્મી વેપારીઓ તથા એમના એકલદોકલ રહેતા આડતિયા માટે આ મંદિર અને સરાઈ આશીર્વાદ જેવાં હતાં. આ સજ્જનો બાજુના જ કુંડો કે એવાં જલાશયોમાં સ્નાનાદિ પતાવે, પછી ઈશ્વરસ્તવન, ભગવાનનાં દર્શન આદિ પતાવીને દિવસની વેપાર જેવી નિત્યપ્રવૃત્તિ આદરે. એમને માટે વૃદ્ધ જનો કે જેમને એમનો જીવન–વ્યાપાર જોવાની તક મળી હતી તેવા બેએક બુઝર્ગ વેપારીને "આ નૃસિંહ ભગવાન સાથે તમને શો સંબંધ હતો ?" એમ પૂછતાં ઘોઘાના એ પેઢીના એક અગ્રણી વેપારી સ્વ. રતિલાલ ઓઇલ–મિલવાળા પાસેથી જાણવા મળેલું કે "આ મારવાડીઓ વિષ્ણુ ભગવાનના નૃસિંહ–અવતારના પૂજક હતા. વૈષ્ણવ જરૂર, પણ એમના ઇષ્ટદેવ નૃસિંહ ભગવાન અને એકબીજાને મળે ત્યારે 'જેરામજીકી'–ને બદલે જે 'નરસેંઘાજીકી' એવું બોલતા મેં સાંભળ્યા છે." આ મંદિરમાંની મૂર્તિઓમાંની ઘણીખરી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ મારવાડ તરફના વેપારીઓએ જ પોતાનાં વતનોમાંથી મગાવી અત્રે પ્રતિષ્ઠિત કરાવી હતી. આમાં સ્થાનિક વૈષ્ણવોએ સાથ અને સહકાર આપેલો એ વાત સાચી, પણ આજની પૂજાની મુખ્ય મૂર્તિ નૃસિંહની નથી, એ તો કાળા રંગના કાષ્ઠમાંથી કંડારેલ જગદીશ કે શ્રીજગન્નાથ ભગવાનની છે. આવી જ મૂર્તિ આપને ભાવનગરના વિશાળ અને ભવ્ય વૈષ્ણવ મંદિર જગદીશ બાપાનો જોવા મળશે. ત્રીજી આવી જ મૂર્તિ અહીંના દરિયાકાંઠાના દરિયાખેડુઓનાં રહેઠાણોમાં આવેલ મંદિરમાં પણ છે. આ ઉપરાંત આ ગર્ભાગારમાં જગદીશની જમણી બાજુ રાધાકૃષ્ણની શ્યામ આરસની નમણી અને સુરેખ મૂર્તિ છે. સાથે રામ લક્ષ્મણ જાનકીજીની પંચ ધાતુની ત્રિપુટી છે. નૃસિંહ ભગવાન કયાંક એક જગ્યાએ વાઘા–વેષ્ટિત હોય એમ જણાયું.

મંદિર આજે ગામમાં પ્રવેશતાં આવતા રામકુંડ અને પછીનાં બે શિવમંદિરો બાદ આવે છે. એના એક દક્ષિણ કોણ પર બહુચરાજીનું નાનું મંદિર છે. બરાબર પૂર્વમાં સહેજ ઉત્તર તરફ નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વરનું મંદિર પ્રતિષ્ઠિત છે, જે તદ્દન નવી ભાત પાડતું પશ્ચિમાભિમુખ છે. આમ આ મંદિર અને સરાઈ સમુદ્રથી દૂર નથી, બંને પોણો કિ.મી. આશરે ગણી શકાય.

મંદિરની સ્થાપના કરી હોય તેમણે જ નિભાવ માટે પણ વ્યવસ્થા કરી જણાય છે. આજના જેવો રાજદરબારી હસ્તક્ષેપ નહિ હોય, કારણ કે ઘોઘાની શાસન-પ્રણાલિમાં સતત ફેરફાર થયા કર્યા છે. અહીં એવું જમીન જાગીર આપ્યાનું જાણમાં નથી. દાન દક્ષિણા—અનુયાયીઓની સહાય પર જ મંદિર નભતું હોય એમ એનો ઇતિહાસ તપાસતાં જાણવા મળે છે. આજે જે પૂજારો છે તેની પહેલાં પૂજા અર્ચા અને જાળવણી કે દેખભાળ માટે એક બીજી જ વ્યવસ્થા હતી. આવી વ્યવસ્થા બીજા મંદિર કે દેવસ્થાનોમાં ગુજરાતમાં, રાજસ્થાનમાં, ઉત્તર ભારતમાં ઘણી જગ્યાએ વૈષ્ણવ ધર્મના એકાદ સંપ્રદાયના સાધુઓ કરતાની જાણવા મળે છે. અહીં એ જ પરંપરા હતી. આ સાધુઓ શિષ્ય-પરંપરાથી મંદિરની જવાબદારી સંભળતા હતા. આના આધાર જેવી ત્રણ ચરણ-પાદુકાઓ જોવા મળી. આ પાદુકાઓ પરના અભિલેખો વાંચતાં એમની શિષ્યપરંપરા અને ગુરુશિષ્યોનાં નામો અને સમય જાણવા મળ્યાં. એમાં શિષ્યે ગુરુની કે શિષ્યના શિષ્યે કે ગુરુભાઈએ ગુરુની છમાસી વરસી કે ભંડારા જેવા તર્પણવિધિ કર્યાનો ઉલ્લેખ છે. જેમ ગૃહસ્થી હિંદુઓમાં શ્રાદ્ધ તર્પણ અને ભોજન જેવા વિધિ હોય છે તેવી રીતે આ સાધુસમાજમાં પણ કેટલાંક વિધિ અને રૂઢિઓ કે લોકોમાં ચાલતી મરણોત્તર પ્રસંગ-ઉજવણીની જેમ ચાલતી હોય છે તે આ પરંપરામાં ચાલતી દેખાય છે. આજે મંદિરની પૂજા કરતા નવા બ્રાહ્મણ પૂજારી ભીખાભાઈ પાઠકે આવું કેટલુંક જૂનું સાચવી રાખ્યું છે અને વ્યવસ્થિત ગોઠવ્યું છે એટલે એની પૂજા પણ શ્રદ્ધાળુ લોકો કરતા હોય એમ દેખાય છે. આ ત્રણે પાદુકા આરસની સમચોરસ આશરે ૫૦ થી ૫૨ સે.મી.ની ચોરસ છે. એકાદ તૂટેલી છે, પણ એમાંનાં કંડાર અને લેખ સુવાચ્ય છે. એના બે ચરણો વચ્ચે કમળનું સુંદર ચિત્ર છે. નીચે લખાણ નાગરી લિપિમાં છે. ભાષા ગુજરાતી છે, પણ લખાવનાર સાધુ હિંદીભાષી સાધુ હોઈ એના ગુજરાતી તક્ષકને લખાવતાં જે બોલાયું તે કંડારયું છે, પરંતુ મિતિ ઘણી ચોક્કસ છે. મૃત્યુ પામનારનો પાદુકાની પ્રતિષ્ઠા કરાવનાર સાથેનો સંબંધ પણ સ્પષ્ટ સમજી શકાય એમ છે. ચરણ-પાદુકાનાં ચિત્રો પણ નીચે જણાવ્યા મુજબ એકસરખાં છે. ૫૦×૫૦ સે.મી.ની સફેદ આરસની તકતી(લાદી)-માં ઉપર લખાણ અને નીચે પદચિહ્નો વચ્ચે કમળફૂલ અને તળભાગે ફૂલ તથા અંગૂઠા અને આંગળીઓ પણ સ્પષ્ટ ગણી શકાય એમ કંડારેલાં છે. અંદરનું લખાણ ક્રમવાર ત્રણે પાદુકાઓમાંનું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લીધું છે. આનાથી મંદિરમાં કયા મહાત્મા વધારે સમય રહેલા, કોણ ગુરુપદે હતું, કોણ કોણ શિષ્ય હતા, એનો સહજ ખ્યાલ આવે છે.

સં. ૧૯૧૮(સન ૧૮૬૨)ના ભાદ્રપદમાં સાધુ બળભદ્રદાસજી આવ્યાનો નિર્દેશ છે. એમના ગુરુના ગુરુ મહારાજ શ્રીઇંદ્રદાસજી મંદિરમાં જ રહી સેવાપૂજા કરતા હોય તો મંદિર સન ૧૭૦૦ પહેલાં પ્રસ્થાપિત થઈ ચૂક્યું હોય એમ માની શકાય. એમાં પાદુકા માટે સાધુની ભાષાનો શબ્દ 'પાદિકા' વ્યવહારમાં લીધો છે. આ પ્રતિષ્ઠા સાધુની છમાસી પ્રસંગે કરવામાં આવી છે.

સં. ૧૯૩૨ વાળી પાદુકામાંના લખાણમાં બાબા બલભદ્રદાસજી રામશરણ થયાની તથા ઉપરની તકતીમાં જે શિષ્યના શિષ્ય એવું લખાણ છે, એ વચ્ચેના સમય-ખંડમાં બાબા સ્મૃતિજી આવ્યા હોય એમ જણાય છે. એમના શિષ્ય આ બલભદ્રદાસજી. એમના ભંડારા સમયે એમના શિષ્ય ગિરધારીદાસે આ પાદુકા પ્રતિષ્ઠિત કરાવી છે. ત્રીજી પાદુકા ઉપરના ગુરુ બલભદ્રદાસજીના શિષ્ય લાલદાસજીની છે, જે એમની વરસી-નિમિત્તે ગુરુબંધુ ગિરિધારીદાસજીએ પ્રતિષ્ઠિત કરાવી છે. અભિલેખો દેવનાગરી લિપિમાં છે એ જોઈએ :

૧. સવંત ૧૯૧૮ ભાદરવા સુદી ૮ ગુરુવાર શ્રીમહારાજ ઇન્દરદાસજી કે (કા) સિષ કે સિષ ધરમદાસજીકા ચરણપાદીકા સીસ બલભદ્રદાસજી પધારા છમાસી ઉપર પ્રતિષ્ઠા કરી છે. (ઈ. સ. ૧૮૬૨)

૨. સવંત ૧૯૩૨ માગસર સુદ ૩ બુધવાર સ્મૃતિજીના સીષ બાબા બલભદ્રદાસજી રામચરણગતિ તે ભંડાર માગશર વદ ૧ સોમવાર કર્યું એના સીસ ગીરધારીદાસ ચરણપાદુકા પધરાવા છે ।(ઈ.સ.૧૮૭૬)

૩. સવંત ૧૯૫૪ અધિક આસો વદ ૧૩ ગુરુવાર મહારાજશ્રી બલભદ્રદાસજીકે સીસ લાલદાસજીકી ચરણપાદુકા વરસી પર ગુરુભાઈ ગીરીધારીદાસજીએ પ્રતિષ્ઠા કરી છે। (ઈસ ૧૮૯૮)

આમ આ ત્રણ પાદુકાઓના પ્રતિષ્ઠાવિધિ ગુરુ અને શિષ્યના પરંપરાગત સંબંધોનો ખ્યાલ આવે છે, જે ઉત્તર મધ્ય કાલના ધાર્મિક ઈતિહાસ અને એની પરંપરા તથા સંપ્રદાયના વૈવિધ્યનો ખ્યાલ પણ આપે છે.

આ સાધુપરંપરા આપતી આ પાદુકા કરતાંય ધર્મ અને એમાંય દેવીપૂજામાં રસ ધરાવતા ઈતિહાસના અભ્યાસકોએ માટે એક બીજી વસ્તુ છે તે મંદિરના ભગવાનની પીઠિકાના જમણા ખૂણામાં એક કાળા આરસની તકતી છે એ છે. આ તકતીમાં એક યંત્ર-જે અભ્યાસ બાદ "શ્રીયંત્ર" હોવાનું નક્કી થયું તે, તથા એની આસપાસનાં કેટલાંક મહત્ત્વનાં અભિલેખીય લખાણો ઉત્કીર્ણ કરેલાં છે તે જોવા મળ્યાં. તકતીમાં ગૃહમાં શ્રીયંત્ર ઉત્કીર્ણ છે. સાથે એના દરેક ખૂણે અને આજુબાજુ કેટલીક માહિતી ઉત્કીર્ણ કરી છે. આ બધાંમાં કેટલીક એવી મહત્ત્વની વસ્તુ છે, જે પ્રસ્તુત વિષયમાં વિશેષ કડીઓ આપે છે. આ તકતી ૬૫ સે. મી. (આશરે) ચોરસ દરેક બાજુની લંબાઈની છે. અંદરના ખંડને યંત્રના ધોરણ મુજબ ચારે દિશાએ ચાર દ્વાર છે. આ શિલાથી ખંડ ત્રણેક સે.મી. નાનો છે.

યંત્ર એના સિદ્ધાંત મુજબ વચ્ચેના બિંદુથી લઈએ તો એના ફરતા છ ત્રિકોણ, ત્રિકોણોમાંના છેલ્લા અને મોટાનો લંબ-પાયો ૧૬ સે.મી. નો છે, જ્યારે એની બંને બાજુઓ કંઈક નાની હોય એમ દેખાય છે. આ બંને ત્રિકોણોનાં છ શિખરબિંદુઓને સ્પર્શતું પ્રથમ વર્તુળ છે, જેને એની પરિભાષામાં 'વૃત્ત'થી ઓળખાવેલ છે. આ ત્રિકોણમાં બબ્બે એવાં બે બીજાં જોડકાં ગણતાં છ થાય છે, પણ એના કોણ શીર્ષ ૧૪ (ચૌદ) થયા, જે કદાચ વધારે હોય। અંદરના વર્તુળ કરતાં બહાર ટોચ ધરાવતાં ૮ (આઠ) કમળ-દળ છે, જેમાં એક એક 'શ્રી' અક્ષર-મંત્ર લખેલ છે. આ શ્રીકારમાં ઉત્તર દક્ષિણ ઉપરના ભાગે "ॐ" અને પૂર્વ પશ્ચિમે નીચે "ॐ" સંજ્ઞાઓ છે. આ કમળની પાંખડીની ટોચને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્પર્શતા બીજાના ડાબા અવકાશમાં નૈ પઁ, પછી જમણે જતાં સૌં આવા અક્ષર-મંત્રો કુલ આઠ જગ્યામાં છે, જે આ જ ક્રમમાં આગળ એકસાથે પ્રસ્તુત છે. આ કમળદળ થોડું મોટું દેખાઈ આવે છે. એના ફરતું બીજું વૃત્ત-વર્તુળ છે, જેનો વ્યાસ ૧૧ સે.મી.નો છે. આ વર્તુળ ફરતું કમળ-દળનું એક વેષ્ટન છે, જેમાં કમળની સંખ્યા ૧૨ (બાર) છે. આ દરેક કમળદળમાં ઉત્તરના ડાબા દળની અંદરની મંત્ર સંજ્ઞા ટ્રૂઁ શ્રી ક્રૂઁ પછી જમણામાં યઁ શ્રી સૌં આ મુજબ બારે દળમાં લખાયેલ લખાણ-અક્ષરમંત્રો આગળ આ જ ક્રમમાં સાથે લખેલ છે. આની અંદરના વર્તુળનો વ્યાસ ૧૧.૩ સે.મી. છે. આ રીતે એની વચ્ચેની જગ્યા, જેમાં કમળદળ તથા એની વચ્ચેની જગ્યાનો ગાળો ૫.૫ સે.મી.નો થાય, એના પરથી ખ્યાલ આવે છે કે બહારનાં કમળ આશરે ૨ સે.મી.નાં અને અંદરના ૫ સે.મી.નાં થાય છે.

આ યંત્ર એ શું છે? હિંદુ ધર્મશાસ્ત્ર-સંપ્રદાયોમાં ક્યા સંપ્રદાયમાં યંત્રની પૂજા થાય છે, એમાં યંત્રનો ભાવાર્થ શો છે, એની અતિકાતિક વિગત જોઈએ. ભારતવર્ષમાં માતૃપૂજા-માતૃદેવીપૂજા એટલે શક્તિને પૂજતા સંપ્રદાયને 'શાક્ત સંપ્રદાય' કહેવામાં આવ્યો છે. એમાં શક્તિદેવીના પ્રતીકસ્વરૂપે આવા યંત્રોની પૂજા થતી હતી. એનો વિભાગ મંડળ, યંત્ર (સાદો) અને વિશેષ રચનાવાળા શ્રીયંત્ર જેવા પ્રતીકની પૂજાસાધના કરવાનું વર્ણન આવે છે.

પ્રસ્તુત યંત્ર—શ્રીયંત્ર માટે આ વિષયના એક લેખક શ્રીમંત્રને 'યંત્રરાજ' કહે છે, જે એમના જણાવ્યા મુજબ શક્તિપૂજામાં અગ્ર સ્થાને છે. આ વિષયના મહત્ત્વના ઘણાખરા આલેખક નિર્માણ-કર્તા પૂજા માટેના આ યંત્રની રચના પર પોતાની પદ્ધતિએ યોજનાના શ્લોકો પોતાના ગ્રંથોમાં પ્રસ્તુત કરે છે, પરંતુ એનો મૂળ ભાવ તેમ ભાગ લગભગ સરખા જ હોય છે. બધામાં કેંદ્રનું બિંદુ અને બહારનું ભૂપુર-ગૃહ ચોરસ જરૂરી છે. અંદરના વર્તુળ ત્રિકોણ અને કમળ દળ-પત્રની સંખ્યામાં ફરક રહે છે, જેનો વિસ્તાર કર્યા વગર જોઈશું.

શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય શક્તિના પણ પૂજક હતા, એમણે આ વિષય પર બે કે એનાથીયે વધારે ગ્રંથ લખ્યા છે. આ વિષયનો મહત્ત્વનો ગ્રંથ "સૌંદર્યલહરી" છે તેમાં આ યંત્ર બાબત માહિતી આપતા શ્લોકો છે. શ્રી. ન. દે. મહેતા આ મંત્રને 'ત્રિપુરસુંદરીનો યંત્ર' કહે છે. એમણે એમના 'શાક્ત સંપ્રદાય' ગ્રંથમાં જે શ્લોકો ઉપલબ્ધ છે તે શંકરાચાર્ય ઉપરાંતના છે તે આ તકતીના આલેખકના શ્લોકથી જુદા પડે છે, તુલનાની દૃષ્ટિએ જોઈએ. રુદ્રયામલમાં—

"बिन्दुत्रिकोण-वसुकोण-दशारयुग्ममन्वस्रनागदलसंयुतषोडशारम् ।
वृत्तत्रयं च धरणीं सदनत्रयं च श्रीचक्रमेतदुदितं परदेवतायाः ॥

આ જ શ્લોક 'શંકરદિગ્વિજય'માં અને ભાસ્કરરાયે 'સેતુબંધ'માં આપ્યો છે.

'સૌંદર્યલહરી'માંનો અગિયારમો શ્લોક પણ શ્રીયંત્રનું જ વર્ણન કરે છે :

"चतुर्भिः श्रीकण्ठैः शिवयुवतिभिः पंचभिरपि प्रभिन्नाभिः शंभो नवभिरपि मूलप्रकृतिभिः ।
त्रय चत्वारिंशत् वसुदलकलाश्रवलयत्रिरेखाभिः साधं तव भवनकोणा परिणता ॥

પ્રથમ શ્લોક જે 'રુદ્રયામલ'માંનો છે તે મુજબ શ્રીયંત્રની રચનામાં મધ્યમાં બિંદુ, પછી ત્રિકોણ-જે આઠ ત્રિકોણનો સમૂહ, પછી દસ ત્રિકોણ, ફરી વાર બીજા દસ ત્રિકોણ, પછી ૧૪ (ચૌદ) ત્રિકોણ, બાદ આઠ કમળદળ, ત્યાર બાદ ૧૬ (સોળ) કમળદળ, પછી ત્રણ વૃત્ત, પછી ભૂપુર (ચાર દ્વારવાળો ચોરસ ખંડ), આમ શ્રીયંત્ર રચાય છે, જ્યારે 'સૌંદર્યલહરી' અનુસાર ચાર ઊર્ધ્વમુખ ત્રિકોણ (શ્રીકણ્ઠ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અથવા શિવના ત્રિકોણો), ત્યાર બાદ પાંચ અધોમુખ ત્રિકોણ (શક્તિના અવળા ત્રિકોણો), આઠ દળ બાદ સોળ કમળદળ, બાદ ત્રણ વૃત્તો અને ત્રણ રેખાવાળું ભૂપુર, જે દેવીનું ભવન છે.

**નોંધ** :–આમાં મધ્યમાં બિંદુ ફરતા ત્રિકોણો અને એને ફરતાં વર્તુળ તથા આ બધાંમાં પદ્મ-કમળદળ એકબીજાને બરાબર મેળ બેસાડી ભૂપુરમાં સમાવી લેવાયા હોય છે.

કે. ૭, મરીન સોસાયટી, જેલ રોડ, ભાવનગર–૩૬૪૦૦૨

## સંદર્ભ


૧. નૃસિંહમંદિર ઘોઘાનો જૂના નવાનો પુનઃ પુનઃ સાથીઓ સહ પરિચય :
   ૧. મોહનપરી ગોસ્વામી, ૨. સ્વ. મનુભાઈ જાની, ૩. દુષ્યંત શુક્લ સામે
૨. શ્રી. ભીખાભાઈ પાઠક—મંદિરના પૂજારીની મૌખિક વિગતો
૩. સ્વ. રતિલાલ શેઠ ઓઈલ મિલવાળાની રૂબરૂ મુલાકાત
૪. ગૌરીશંકર (ગંગા) ઓઝાનું જીવનચરિત્ર, કૌશિકરામ વિ. મહેતા–કૃત
૫. સ્વ. ન. દે. મહેતાનું "શાક્ત સંપ્રદાય."
૬. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ર. છો. પરીખ અને હ. ગં. શાસ્ત્રી
૭. સૌંદર્યલહરી અને શંકરદિગ્વિજય, આદ્ય શંકરાચાર્યના વિષયનો.


---


શુભેચ્છા સહ....

ગુજરાત રાજ્યની ૨૮૮ નાગરિક સહકારી બેન્કોમાં બેન્કની મુખ્ય ઓફિસ તેમજ ૧૯ શાખાઓ મારફત બેન્કિંગ સેવાઓ દ્વારા વર્ષો થયાં ગૌરવવંતુ પ્રથમ સ્થાન ધરાવતી આપની જ બેન્ક

**રાજકોટ નાગરિક સહકારી બેન્ક, લિ.**

(શેડ્યુલ-ઓપરેટિવ બેન્ક)

રજિ. ઓફિસ : નાગરિક ભવન નં. ૧, ઢેબરભાઈ રોડ,

પોસ્ટ બોક્સ નં. ૨૫૩, રાજકોટ–૩૬૦ ૦૦૧

ગ્રામ : નાગરિક બેન્ક ફોન : ૩૩૯૧૬–૮ (પીબીએક્સ)

**થાપણો : રૂા. ૧ અબજ ૫૬ કરોડ**

**ધિરાણો રૂા. ૧ અબજ ૩૧ કરોડ**

જિતુભાઈ શાહ — વાઈસ ચેરમેન
લલિતભાઈ મહેતા — માનદ મેનેજિંગ ડિરેક્ટર
લાલજીભાઈ રાજદેવ — ચેરમેન




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્રનાં ગામોનાં નામકરણ પર વ્યાપક વનસ્પતિ–પ્રભાવ

(ગતાંક પા. ૨૮ થી ચાલુ) શ્રી જગદીશ ચં. છાયા, 'શ્રેયસૂ'

'ઢાંક' ગામના નામકરણ વિશે એવી માન્યતા પ્રચલિત છે કે એ ગામ ઢંકાઈને બહાર આવ્યું છે તેથી ગામનું નામ 'ઢાંક' પડ્યું છે, પરંતુ વનસ્પતિ–પ્રભાવિત ગામોનાં નામકરણ વિશે વિચારતાં 'ઢાંક' નામ યાદ કર્યા વિના ચાલે એમ નથી. કેસૂડાનાં ઝાડ ખાખરાને પલાશ કે 'ઢાંક' પણ કહે છે. બાંગ્લાદેશનું પાટનગર 'ઢાકા' પણ વૃક્ષ–પ્રભાવિત જણાય છે. જો 'ઢાંક' ગામની આસપાસ એક કાળે કેસૂડાનાં વૃક્ષો વિશેષ પ્રમાણમાં થતાં હશે તો તેથી પણ 'ઢાંક' નામ પડ્યું હોઈ શકે. આ મુદ્દો પણ વિચારણામાં લેવો જોઈએ. બીજું ગામ ઢાંકળિયા.

તણસણા, તણસા, તણાલા (તણાસ); તલગણા, તલગાજરડાં, તલવણી, તલાળા, તળાજા, તલોદરા (તલ); થોરાળા, થોરડી, થોરિયાળી, થોરખાણ (થોર); થાનિયાણા (થાનિયું); દાતા (દાંતા); દાળિયા (દાળિયા–તૂંબડી); દાત્રાણા (દાત); દુધાળા, દુધીપાદર (દૂધલાં); ધરાળા ધરાઈ (ધરો); ધતૂરિયા (ધતૂરો); ધુંવાવ, ધુંવાડા, ધુવેળિયા, (ધુવાડાનું ઝાડ); ધોળી, ધોળા, ધોરીવાય (ધોરી); ધાવા (ધાવડા);

નાંદરખી, નાંદણખડા, નાંદુરી, નાંદણ, (નાંકરી); નાળિયા, નારી (નાળી); ધામા (ધ્રામાડિ); પલાસવા (પલાશ–ખાખરો); પ્રાંસલી (પ્રાંસ); પાલખડા (પાલખ–ભાજી); પાનવા, પાનસડા, પાનેલી (પાન); પિપળિયા, પીપલગ, પિપરડી, પિપલાણા, પિપળવા, પીપળી, પિપરલા (પીપળો); નાંગલોદ (નાંગલી); નગડલા (નગોડ ?); ફેટ (ફેટી); ફાડદંગ (ફાડ); ફૂલઝર (ફૂલમાંઝર); ફગાસ (ફગિયો); બાલાચડી (બલા); બાંગા (બાંગ); બાવળા, બબલવડ, બાવળી, બાવળવડ, લાખા બાવળ (બાવળ); બિલખા, બિલિયાળા, બિલેશ્વર (બીલી); બૂરી (બૂર); બૂટાવદર (બૂટ); વાવ બેરાજા, ચાંપા બેરાજા, મચ્છુ બેરાજા (બોર–કચ્છીમાં 'બેર'); બોરિયા' બોરિયા, બોરડી, બોરદેવી, બોરવાવ (બોરડી); ભંગડા, ભંગા (ભંગેરો); ભાખોદ્રા (ભાખો); ભીંડા, ભીંડિયા (ભીંડી); મવા, મવેડી (મવેડો); મહુવા, મૌઆણ (મહુડો); મોઈયા (મોઈ); મૂળી, મૂળીલા (મૂળી); મોરખણા, મુરખાડા (મોરખા); રસનાળ (રાસ્ના ?); રાઇ (રાઈ); રીંગણિયા (રીંગણી); રફાયા (રફેડી); રાતડી (રાતીવેલ ?); રાયડી (રાય); રાણવા (રાયણ); રૂપાવટી (રૂપાકુણી ?);

લજાઈ (લજામણી); લીંબુડી, લીંબુડા (લીંબુ); લીંબડી, લીમ, લીમડાવન (લીમડો); લુણસર, લુણીધાર, લુણામરા (લૂણી ભાજી); લોદરા (લોક); લોલિયા લોર (લોલર–કચ્છી); લોદરા (લોધ); લોયા (લુયો);

વડ, વડુ, વડિયા, વડાલ, વડાળા, વડાળી, વડોદ, વડવા, વડવાળા, વડવાણા, ઘાંટવડ, કાલાવડ, કાનાવડાળા, બાખલવડ, બબલવડ, માખાવડ, ધ્રાબાવડ, ખીલાવડ, ચાંગલવડ, શીભાવડલા, સરવડ, ચિત્રાવડ, છોડવડી, વડતરા, વટવા, વટલી, વડલી, વટામણ, વડનગર, વડાપણી, વાસવડ, થાનવડ, માંડાવડ, છતવડ, ખુલાવડલી લાખાવડ, સોનાવડિયા, વેથાવડ, ભાણવડ, ભાણવડી, ધીયાવડ, લુલાવડલી, કલાવડી, ભૂતવડ, ઝૂડવડલી, વનાવડ, વટવાળિયા, શેઠવડાળા, લાલવડ, રાજાવડલા, નથુવડલા, રાણાવડલા, વડેખણ (વડ); વલાદડ ('વલ'–કચ્છી); વણા (વણો);

સરસિયા, સરસઈ (સરસપ); સણખલા, સણોસરા, સનાળી, સનિયાળ, સનાળિયા, સનલી (સણિયાસ); સમી, સમિયાણા (સમી); સુંદરિયાળી (સુંદી); સુપેડી (સંપુડી–કચ્છી ?); શેરડી (શેરડી); સેમર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(શેમળો); શીલ, શીલાણા (શીળવી ?); હાડાતોડા (હાડસાંકળ); હરેમડિયા (હરમદ); હળિયાદ (હળદરવો ?) અન્ય વૃક્ષપ્રભાવિત જણાતાં ગામો વંથળી, વંથળિયા. વનડા, વેકરી, વનાણા, કાંગદસી આંકોલવાડી, ધણા, ધણાદ, ગણાવા, ગણાત્રા, મરમઠ હરિયાસણ, હડિયાણા, હડાળા, હડમતાળા, હડમતિયા, હળવદ.

ઠે. મોરાણી હાઉસ, રૂપ શાળા, કેરા (તા. ભૂજ, જિ, કચ્છ–૩૭૦૪૩૦)

---

## કચ્છનાં-નાનુ-મોટું એ રણો

ગુજરાત સરકારના મન ઉપર એક વાત આવી છે કે રણના વિસ્તારમાં વનસ્પતિ વાવી એ પ્રદેશને હરિયાળો બનાવવો. આ પ્રકલ્પ અભિનંદનીય છે. બંને રણોને ચોમાસાનાં અખાતમાં વહી જતાં પાણીને રોકી લેવાની વ્યવસ્થા કરવામાં આવે તો રણની જમીનને પાણીવાળી અને ઈચ્છા પ્રમાણે ખુલ્લી રહી શકતી હોય તેવી ઉપરિયાણ જમીનને હરિયાળી બનાવી શકાય એમ છે. અમારા તરફથી ગુજરાતના માહિતી ખાતા તરફથી પ્રસિદ્ધ થતા 'ગુજરાત' પાક્ષિકના જૂના દિવાળી-અંકમાં 'કચ્છ–નાનું મોટું રણ : નવસાધ્યતા' લેખ છપાયેલો છે, જેમાં સૂરબારી પાસેના રાજ્યધોરીમાર્ગના પુલની આડે વરસાદનાં પાણી રોકવા બંધ બાંધી લેવામાં આવે અને મોટા રણના મોઢાની કોરીની ખાડીને હમેશને માટે આંતરી લેવામાં આવે તો પાણીનો સંગ્રહ થતો રહે અને બેઉ રણ ધીમે ધીમે વરસાદના મીઠા પાણીના બળે મીઠું થતું જાય. રણોના કયા ભાગને પાણી નીચે રાખવો અને કયા ભાગને ખુલ્લો રાખી ત્યાં વનસ્પતિનો ઉછેર કરવો એ કાંઈ લાંબી બુદ્ધિ માગી લે એવું નથી. એટલું જ આજે કરવાનું રહે છે કે લશ્કરી ધોરણે આ યોજના હાથ ધરાવી જોઈયે.

નર્મદાના પાણી કચ્છમાં લઈ જવાની યોજના છે એને પણ ઉક્ત બંધથી ભારે બળ મળશે અને નર્મદાનું પાણી પણ બીજા ઉપયોગ માટે ફાળવી શકવાની સુવિધા થશે. એટલું જ કે સરકારે આ યોજનાને કારગત કરવાને માટે પ્રામાણિક અને સંનિષ્ઠ આયોજન કરવું જોઈયે. –તંત્રી

---


સ્થાપના : તા. ૧૧-૧૦-૨૭ ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૩૫૦

# ધી બરોડા સીટી કો-ઓપરેટિવ બેન્ક, લિ.

રજિ. ઓફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન, જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪

૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧

૩. ફતેગંજ, ચર્ચની સામે, ટે. નં. ૩૨૯૩૬૪

૬. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨

૫. ગોરવા શાખા, જકાતનાકા પાસે, વડોદરા, ટે. નં. ૩૨૮૩૪૯

દરેક પ્રકારનું બેન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

મેનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ

પ્રમુખ : ડીકાભાઇ પટેલ




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌંદર્યધામ સાદરા

**શ્રી. ધનેશ રાવળ**

જીવનમાં કેટલીક મુલાકાતો સ્મૃતિપટ પરથી ખસતી નથી. સંવેદનશીલ હૈયાને પ્રકૃતિના નિશાળ ખોળામાં બેસી કુદરતનું અસીમ સૌંદર્ય નિહાળવાની ક્ષણો જ્યારે મળે છે ત્યારે હું ખરેખર પુલકિત ભાવે ભાવવિભોર થઈ આનંદના અતિરેકમાં ખોવાઈ જાઉં છું. આવો જ એક પ્રસંગ ગયા વર્ષાકાળમાં ગાંધીનગર પાસે ચિલોડા ચાર રસ્તાથી ૧૫ કીલોમીટર દૂર સાબરમતી નદીની ભેખડો ઉપર હરિયાળી વનરાઈમાં વસેલ સાદરા ગામનો અતિથિ થયો એ બન્યો. જોઈ એની ભવ્ય ભૂતકાળની ભવ્યતા અને ઉખેળ્યો એનો ઈતિહાસ. ખંડેરનો એક એક અવશેષ જાણે ખડખડાટ અટ્ટહાસ્ય કરતો મારી સામે પોતાની વીસરાઈ ગયેલી ગૌરવગાથાનાં અનેક પ્રસંગચિત્ર ખડાં કરી રહ્યો.

આ એ નગર છે કે જે બ્રિટિશ કાલ દરમ્યાન જાહોજલાલી-ભરેલ એક સુંદર નગર હતું. રાજકીય બાબતનું કેંદ્ર અને એની ભવ્યતા માટે સમગ્ર વિસ્તારના લોકો માટે આકર્ષણ અને મુલાકાતનું નગર હતું. આવો, આપને એના ગૌરવ-ભરેલા ભૂતકાળ તરફ લઈ જાઉં. ચાળીસ વર્ષ પહેલાના એના ઈતિહાસમાં દૃષ્ટિ કરો તો મળશે એનો સુવર્ણ-સમય અને ભવ્યતા કે સુંદરતા અને રૂઆબ. એક રજવાડી શહેરથી પણ અધિક બાજરમાન હતી એ નગરી, જાણે કોઈ મધ્યયુગના સંમાનનું કિલ્લેબંધ લશ્કરી છાવણીનું નગર.

અંગ્રેજી હકૂમત સમયે આજુબાજુનાં નાનાં મોટાં દેશી રજવાડાંઓની પ્રવૃત્તિ તેમજ એઓની સમગ્ર હિલચાલ ઉપર નજર રાખવા પોતાની હકૂમતના નેજા નીચે વહીવટી અને રાજકીય નિરીક્ષણ માટે ગવર્નર-જનરલ ઑફ ઈન્ડિયાએ નીમેલ પોલિટિકલ એજન્ટ લશ્કરી દરજ્જાના અફસરનું નગર તે સાદરા. રમ્ય સાબરમતીના કિનારે, દેશી રજવાડાંઓની રિયાસતોની મધ્યમાં યુરોપિયન પ્રજાને માફક આવે તેવું ખુશનુમા હવામાન ધરાવતું સાદરા નગર પસંદ કરવામાં આવેલું.

કટોસણ માણસા વરસોડા રણાસણ આંબલિયાસણ પેથાપુર અલુવા વાસણા અને છેક હિંમતનગર ઈડર તથા સાઠંબા સુધીનાં દેશી રજવાડાં જેની હકૂમત નીચે હોય તેમજ કેટલાક જાગીરદારો દેશી રાજવીઓની હેસિયત જેટલો બ્રિટિશ સરકારમાં રંગ અને મોભો ધરાવતા હોય તે પણ એની સત્તા નીચે હોય. પીંઢારા લીંબોદરા જેવા જાગીરદારોનો મોભો પોલિટિકલ એજન્ટ જાળવતો હોય એવું આ નગર આજે ખંડેરભૂમિ બની પોતાનું પ્રતિબિંબ સાબરમતીના જળમાં ઓગાળી રહ્યું છે.

આવો, એની એ સમયની અસ્મિતા બતાવું. પ્રથમ પોલિટિકલ એજન્ટ એક લશ્કરી અમલદારનો-રૂઆબનું ભવ્ય સ્થાન-બંગલો કે જેના મુખ્ય બે વિશાળ દરવાજા ફરતે કિલ્લેબંધી અને અંદર વિશાળ ઓરડા ભોયતળિયું અને ઉપરનો માળ જેમાં રસોડું દીવાનખંડ વાંચન-ખંડ, મુલાકાતીઓ માટેનો પ્રતીક્ષારૂમ, બેડરૂમ તેમજ એની વિશાળ બારીએ અને નદીનું સમગ્ર સૌંદર્ય નિહાળી શકાય એવી ખુલ્લી ગેલેરી વિશિષ્ટ રીતે ધ્યાન ખેંચે છે. આથમતા સૂરજની ખીલતી સંધ્યા એના ઝરૂખે ઊભા રહી જોવાની અહીં અણમોલ તક છે. ખીલેલી સંધ્યાના રંગમહેલમાં જાણે કોઈ આપણી પ્રતીક્ષા કરતું હોય એમ લાગે છે.

બીજું એનું કીર્તિ-સ્તંભ સમું ગૌરવસ્થાન તે મહારાણી વિક્ટોરિયાની શિલ્પ-મૂર્તિ જોડેલો ઐતિહાસિક ટાવર કે જે મધ્ય બજારમાં આવેલો છે. એના સમયની કલાકારીગીરીનો નમૂનો અને સારાયે નગરની સુંદરતાની ઝલક તથા ત્યાંથી શરૂ થતો પોલિટિકલ એજન્ટના બંગલા સુધીનો વિશાળ રસ્તો, એની આજુબાજુ દેશી રજવાડાંઓના નામશેષ ઉતારા, વિશાળ નિવાસસ્થાનો, વેરાઈ અંબાજીનું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંદિર, શ્રીનાથજીનું મંદિર, આ ઉપરાંત ગામથી થોડેક દૂર ટી.બી. સેનેટોરિયમ અને એનું ભરચક બજાર તથા નવું સ્થપાયેલ ગુજરાત વિદ્યાપીઠનું મહાવિદ્યાલય વગેરે જોતાં એના ભવ્ય ભૂતકાળનો અણસાર આવ્યાં વગર રહેતો નથી. અહીંની વિક્ટોરિયા મેમોરિયલ લાઈબ્રેરીમાં જૂનાં અપ્રાપ્ય અંગ્રેજી પુસ્તકોનો મહામૂલો ભંડાર છે.

એ જમાનામાં આવતા બ્રિટિશ અમલદારો એમના મહેમાનોનું સંમાન તેમ બહુમાન, દરજ્જા પ્રમાણે એજન્ટ ટુ ધ ગવર્નર–જનરલને અપાતી તોપોની સલામી અને સૈનિકોની પરેડથી ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવતું. આ બધી વાતો સાંભળતાં લાગે કે સારાય વિસ્તારનું જાણીતું આ નગર એ સમયનું આગવું સ્થાન ધરાવતું હતું. લોકશાહી આવ્યા બાદ એની ભવ્યતા ઓસરી ગઈ, છતાં ગામનું વીજળીકરણ વૉટરવર્ક્સ અને ડામરના રસ્તાઓની સગવડો, ટી. બી. સેનેટોરિયમ વગેરે હાલનો વિકાસ બતાવી રહ્યાં છે. એક જમાનામાં બ્રાહ્મણ, વૈષ્ણવ વાણિયા, રાજપૂત અને ઇતર જાતિઓ મોટી સંખ્યામાં અહીં વસવાટ કરતાં હતાં.

હવે આપને એના મહત્ત્વના સ્થાન તરફ દોરી જાઉં, એ છે નદીના કિનારે પોલિટિકલ એજન્ટના બંગલાની સાવ નજીક શ્રીજક્ષણી માતાજીનું મંદિર. દિવ્યભવ્ય મૂર્તિ, સુંદર સાદું છતાં અંદરના ગર્ભદ્વારમાંનું કલાત્મક મંદિરનું બાંધકામ જોતાં ઘડીભર એના સાંનિધ્યમાં ભક્તિભાવથી બેસવાનું મન સહજ થઈ આવે. આજે અમદાવાદ અને ગાંધીનગર તેમજ આજુબાજુથી લોકો ઉજાણી ને હોલીડે-કેમ્પ માણવા અહીં આવે છે. નવરાત્રના દિવસોમાં માતાજીનું સ્થાન તેમ ગામ એક મહા-ઉત્સવમાં ફેરવાઈ જાય છે. આબાલવૃદ્ધ સૌ કોઈ પોતાનો આનંદ વ્યક્ત કરે છે. ભાદરવા મહિનાના બીજા રવિવારે દર વરસે અહીં લોકમેળો ભરાય છે, 'વડો દિતવાર'ના મેળા તરીકે એ પ્રખ્યાત છે.

હવે એના ઇતિહાસનું છેલ્લું પાનું કે જેમાં એવી વિભૂતિઓએ આ ધરતી પર પોતાનાં પદચિહ્નો મૂક્યાં છે. કવિસમ્રાટ નાનાલાલે રાજકુમાર કૉલેજમાં આચાર્ય તરીકે સેવા આપેલી. રા. વિ. પાઠક જેવી વિરલ પ્રતિભાએ અહીં વકીલાત કરેલી. સ્વ. ઇતિહાસવિદ પ્રો. રસિકલાલ છો. પરીખના પિતાશ્રી છોટાલાલભાઈ પણ અહીં વકીલાતનો વ્યવસાય કરતા હતા. આવા તો એના ભવ્ય ભૂતકાળમાં સૂરજ ઊગ્યા અને આથમ્યા, પરંતુ હવે મારી આ સ્થળ માટે ગુજરાત સરકારને એક અપીલ છે: જો એના વિકાસ માટે કોઈ યોજના બનાવે તો જરૂર આ સોહામણું નગર પિકનિક-સેન્ટર કે હોલીડે-કેમ્પ બની એક વાર ફરીથી લોકોનું આકર્ષણ બની રહે. એનાં સુંદરતા અને સ્થાન જોતાં કોઈ ગિરિધામ જેવું દેખાય છે. ત્યાં આવેલ 'ગુજરાત વિદ્યાપીઠનું 'મહાદેવ દેસાઈ મહાવિદ્યાલય'' 'ટી. બી. સેનિટોરિયમ' 'તલાટી કમ-મંત્રીનું ટ્રેનિંગ સેન્ટર' વગેરે એના વિકાસમાં સહાયરૂપ બનશે.

ઠે. સુભાષબ્રિજ, ઘનશ્યામનગર, બ્લૉક નં. એ ૭, અમદાવાદ–૩૮૦૦૨૭

[અનુ. પા. ૨૦ થી]

કચ્છનો ઇતિહાસ કાળનાં ગાઢ અંધારાં વચ્ચે ગરક થઈ ગયેલો જણાય છે. એ સમયની કચ્છની પરિસ્થિતિ પર જાણવા જોગ સાધન-સામગ્રીના અભાવે કંઈ પ્રકાશ પડી શકતો નથી. સિકંદરના સમય પછી અર્થાત્ ઈ. સ. પૂર્વે સો બસો કે ત્રણસો વર્ષ દરમ્યાન મૌર્યવંશ શુંગવંશ અને ગ્રીક લોકો પણ કચ્છ પર પોતપોતાનો અમલ ચલાવી ગયેલા જણાય છે.'

શ્રી રામસિંહજી કા. રાઠોડની એક વાત નોંધવી પણ રસપ્રદ થઈ રહેશે કે 'કચ્છની જુનવાણીમાં એમના ઘણા અવશેષો શોધ્યા જડી આવે છે અને જળવાયેલા મળી રહે છે, યાદવો, મૌર્યો, યવનો, શકો, ક્ષત્રપો, ગુપ્તો, હૈહયો, હૂણો, મૈત્રકો, ગુર્જરો, ચૌલુક્યો વગેરે અને પછીથી કાઠી, સુમરા, સમા અને જાડેજાઓ વગેરે જાતિઓની અસર કચ્છની પ્રાદેશિક પ્રથાઓને તળપદી લાક્ષણિકતાનું સ્વરૂપ આપે છે.'

ઠે. ઓસવાળ ફળિયું, મુન્દ્રા (કચ્છ)–૩૭૦૪૨૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પોરબંદરના મોહનદાસ ગાંધીનું પ્રથમ સંમાન

શ્રી. નલિનકાંત જોશી

પોરબંદર દેશી રાજ્યના સમયમાં મહારાણા ભાવસિંહજીનું રાજ્ય હતું. પોરબંદરમાં જન્મેલ અને એમાં પણ રાજ્યના કારભારી ગાંધી કરમચંદ ઓતમચંદના પુત્ર મોહનદાસ ગાંધી પરદેશથી બેરિસ્ટર એટ-લોનું ભણીને પોતાના વતનમાં આવતા હતા ત્યારે હજુ મોહનદાસ "મહાત્મા"નું બિરુદ પામેલ ન હતા, એક સામાન્ય નાગરિકની જેમ ઉચ્ચ કેળવણી લઈને વતનમાં આવતા હતા. આવા પોતાના રાજ્યના પનોતા પુત્રનું સંમાન ન કરે તો રાજ્યકર્તા કૃતઘ્ની જ કહેવાય.

પોરબંદર રાજ્યે આવા પનોતા પુત્રનું સંમાન કરવા હજુરહુકમો કરી, સ્વાગત-સંમાનની તૈયારી કરી રાજ્યના અમલદારો અગ્રગણ્ય નાગરિકોને તા. ૬-૧૨-૧૯૦૧ના રોજ શુક્રવારે બપોરે બે વાગ્યે બંદર ઉપર સ્ટીમર રસ્તે આવનાર મોહનદાસને સત્કારવા નિમંત્રણ આપ્યું. રાજ્યે સ્વાગત માટે ૧. પોર્ટ સુપરિ અને ૨. બરદાસ્ત ઑફિસરનું ડેપ્યુટેશન નીમી સ્વાગત માટે મોકલ્યા. દરિયાકિનારે શોભા કરેલ સમિયાણામાં મોહનદાસને લઈ જઈ ત્યાં રાજ્યના ચીફ ન્યાયધીશે અંગ્રેજીમાં તૈયાર કરેલ માન-પત્ર વાંચ્યું, જેનું ગુજરાતી ભાષાંતર શ્રી ગણપતરાય નાનાભાઈએ વાંચ્યું. ત્યારબાદ સોપારી-વિધિ કરવામાં આવ્યો.

મોહનદાસ ગાંધીને રાજ્યના મહેમાન ગણી ભાવસિંહજી મહારાજના બંગલા 'દરિયા મહેલ'માં ઉતારો આપવામાં આવ્યો. રહે ત્યાંસુધી રાજ્યના મહેમાન ગણી સ્ટેટની ગાડી એમના હવાલામાં રાખવામાં આવી. એ દિવસે સાંજે દરબારગઢમાં મોહનદાસ ગાંધી મહારાણાની સલામીએ જાય ત્યારે અધિકારીઓ, અગ્રગણ્ય નાગરિકોને હાજર રહેવા નિમંત્રણ-આદેશ આપવામાં આવ્યો. આ અમલદારો-માં મોહનદાસના ભાઈ અને રાજ્યના બરદાસ્ત ઑફિસર લક્ષ્મીદાસ પણ હતા. આ સમયે લક્ષ્મીદાસના હૃદયમાં કેવા ભાવ ઉમંગ હશે? માનપત્ર ઉપરાંત રાજ્યે રૂપાની કોઈ ચીજ બક્ષિસ પણ આપેલ.

આ મોહનદાસ ગાંધીને આપેલ માનપત્રની ગુજરાતી નકલ નીચે મુજબ છે. વંદન છે એ નાગરિકને અને કૃતજ્ઞી રાજ્યને :

**"રા રા. મોહનદાસ કરમચંદ ગાંધી, બાર-એટ-લૉ**

"દક્ષિણ આફ્રિકામાં દશ વર્ષ ઉપરાંત વાસ કર્યા પછી આપની સ્વભૂમિના કિનારે આપનું પાછું પધારવું થતાં, ખુદ નેકનામદાર મહારાણા સાહેબ તરફથી, આપને ઘણા જ અંતઃકરણપૂર્વક આવકાર આપવા માટે મને આજ્ઞા થયેલી છે. આપની જન્મભૂમિ પોરબંદર છે, તથા પોરબંદર સંસ્થાનના એક માજી દિવાનના આપ પુત્ર છો એથી ખુદ નામદાર મહારાણાસાહેબ મગરૂર છે. દક્ષિણ આફ્રિકામાં આપની કારકીર્દિ એવી સ્વાર્પણયુક્ત તથા દેશભક્તિવાળી નીવડેલી છે કે આ સંસ્થાનની જે રૈયત વેપારવણજ અર્થે આફ્રિકામાં થોડા સમય માટે ઘરબાર કરી રહેલી છે, તેઓ જ ફક્ત નહિં, પણ તમામ હિંદવાસીઓ, જેઓ તે પ્રમાણે ત્યાં વસેલા છે, તેઓ સર્વે, આપના નામને માન તથા ઉપકારની લાગણીથી હંમેશાં સ્નેહપૂર્વક સંભારશે.

"દક્ષિણ આફ્રિકામાં હિંદવાસીઓના કાર્ય માટે આપે કરેલા સ્વાર્થરહીત પરીશ્રમ વગર તેઓને તે દેશ ક્યારનોએ છોડી દેવો પડ્યો હોત, તે સાથે આપ એવું બતાવી આપવામાં ફતેહ પામ્યા છો કે મહિકે મુઆઝમ કૈસરેહિંદના વિશાળ મુલકોમાં વસનારી બીજી પ્રજાઓ કરતાં હિંદવાસીઓ બ્રિટિશ તાજે પ્રત્યે વફાદારીની બાબતમાં કોઈ પણ રીતે ઉતરે તેવા નથી, હિંદી એમ્બ્યુલન્સ પલટણ જેણે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાના કામોથી, શાંત હિંમત, શૌર્ય તથા પોતાની કૃપાળુ બ્રિટિશ રાજ્ય પ્રત્યેની ભક્તિ માટે દક્ષિણ આફ્રિકામાં રહેનારાં હિંદવાસીઓની નામના સ્થાપિત કરેલી છે, તે પલટણ, આપના અથાક ઉત્સાહ, અજીત ધૈર્ય તથા કુશળ અગ્રેસરપણાને લીધે ઉભી થઈ હતી. આ કૃત્યથી તે દૂર દેશમાં રહેનારા હિંદવાસીઓએ સાબીત કરી આપ્યું છે કે તેઓ મલીકે મુઆઝમ કૈસરેહિંદની યુરોપીઅન પ્રજા જેટલે જ દરજ્જે તે નેકનામદારની એકનિષ્ઠ તથા રાજ્યભક્તિવાળી રૈયત ગણાવવા માટે યોગ્ય છે, તથા પોતાના રાજકર્તા માટે પોતાની જીંદગી જોખમમાં નાખવા માટે તેટલા જ તત્પર છે. સ્વાત્માર્પણ કરીને બ્રિટિશ દક્ષિણ આફ્રિકામાં આપે આપના સ્વદેશીઓની જે સેવા બજાવેલી છે તે સેવા ખરેખરી અમૂલ્ય છે, આવો સદ્‌ગુણ, મારે ખેદની સાથે કહેવું પડે છે કે, આપણા લોકોમાં ભાગ્યેજ જોવામાં આવે છે, તે દૂર પ્રદેશમાં વસતા હિંદવાસીઓ યુરોપીઅનો જેવા જ રાજ્યકિય તેમજ વ્યાપાર સબંધી જે હક્કો તથા છૂટ, હાલમાં ભોગવે છે તથા તે બન્ને કોમોમાં જે સદ્‌ભાવ આજકાલ વ્યાપી રહ્યો છે, તે બહુધા આપના જ અથાક પરિશ્રમને લીધે છે.

"સમાપ્ત કરતાં હું આપને આપના વતનના શહેરમાં પાછા ફરતી વખતે ખરા દીલથી ફરી આવકાર આપું છું, અંતે વળી પાછું કહું છું કે આપ પોરબંદરના વતની હોવાથી અમો સર્વ મગરૂર છીએ, નેક નામદાર ખુદાવિંદ મહારાણાસાહેબને પોતાના રાજ્યના એક માજી દીવાનના પુત્ર છો એથી વિશેષ સંતોષ થયો છે. તથા તેઓ નામદાર આશા રાખે છે કે પોતાના દેશનું તથા દેશીઓનું ભલું કરવા માટે કોઈ પણ બાબત પાછી પાની ન કાઢે એવા આપના જેવા ઉમદા લક્ષણ તથા સ્વભાવવાળા નરો હજુ વધારે પોરબંદરની ભૂમિમાં ઉત્પન્ન થાઓ.

તા. ૬ ડીસેમ્બર ૧૯૦૧ મુ "પોરબંદર,"

પોરબંદરના સરકારી દફતરભંડારમાં સચવાયેલી નકલ ઉપરથી આ ઝેરોક્સ નકલ મોકલેલ છે. અસલ માનપત્ર દફતરભંડારમાં સુરક્ષિત છે.

ઠે. દફતરભંડાર કચેરી, પોરબંદર-૩૬૦૫૭૫

---

[અનુ. પા. ૧૮ થી]

પછીની માને છે. ડિંગલ કવિતાની પ્રાચીન હસ્તપ્રતોમાં 'વિ.છિ.'ના કોઈ દોહાઓ મળતા નથી, એટલું જ નહિ, વીસમી સદીની હ.પ્ર.માં જ એ મળે છે એ પણ સૂચક છે.

જે હોય તે, પરંતુ એમનું જીવન હિંદુત્વના સંસ્કારોથી ભરપૂર ને માતૃભૂમિને માટે જાન ન્યોછાવર કરવા સદા તત્પર હોવાનું એની પ્રકીર્ણ રચનાઓ પરથી પણ સ્પષ્ટ થાય છે. રાજસ્થાનમાં જનજાગરણ કરવાનું કામ કોઈ પણ કવિતાથી કમ નથી! એટલે જ તો અચલગઢના મંદિરમાં કવિની ધાતુપ્રતિમા ઈ.સ. ૧૬૨૮ માં અંકિત પ્રસ્થાપિત થયેલ છે, જે એની સૌથી મોટી સિદ્ધિ કહેવાય, કેમકે આ રીતની કોઈ કવિની પ્રતિમા સ્થાપિત થયાનું જાણમાં નથી!

ઠે. હાઈસ્કૂલ, જામ કંડોરણા-૩૬૦૪૦૫(જિ. રાજકોટ)

## પાદટીપ

૧ ચારણ સાહિત્યકા ઈતિહાસ ભા ૧, ડૉ. મોહનલાલ જિજ્ઞાસુ
૨ મહારાણા પ્રતાપ સ્મૃતિગ્રંથ. સં. ડૉ. દેવીલાલ પાલીવાલ
૩ ડિંગલ મેં વીરરસ, ડૉ. મોતીલાલ મેનારિયા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુરસાજી આઢા

શ્રી. હસમુખભાઈ વ્યાસ

અમુક કવિ અમુક રસના પર્યાય મનાય છે; જેમકે, કાલિદાસ અર્થાત્ શૃંગારરસ, ભવભૂતિ એટલે કરુણરસ, ઈસરદાન એટલે ભક્તિરસ, તો દુરસાજી અર્થાત્ શૌર્ય ને વીરરસ ! પ્રસ્તુત લેખના નાયક દુરસાજી મુઘલ બાદશાહ અકબરના સમકાલીન, એટલું જ નહિ, અકબર સાથે સંકળાયેલ હોવાનું મનાતું હોવા છતાં એના આંતર-બાહ્ય જીવન વિશે આધારભૂત હકીકત બહુ મળતી નથી

રાજસ્થાનના મારવાડ પ્રાંતમાં આવેલ ધૂંદલા ગામમાં મેહાજી નામના ગરીબ ચારણને ઘેર વિ. સં. ૧૫૯૨ માં એમનો જન્મ થયેલ. ધૂંદલા ગામના બદલે કેટલાક 'આઢા' નામનું ગામ બતાવે છે. જે હોય તે, પણ એ આઢા શાખાના ચારણ હતા. ઘરની સ્થિતિ સાધારણ તો હતી જ એમાં દુરસાજી ૭ વર્ષના થયા ત્યાં પિતાએ સંન્યાસ ગ્રહણ કરી ઘર છોડી દીધું ! ૭ વર્ષના દુરસાજીને માટે કપરી પરિસ્થિતિ સર્જાઈ. આજીવિકા મેળવવા માટે જ્યાં-ત્યાં કામ કરતો બાળક એક ખેડૂતને ત્યાં કામે રહ્યો. ખેડૂતનો સ્વભાવ અતિ ક્રોધી. એક કથા પ્રમાણે એક વખત કૂવામાંથી સીંચાતા પાણીનો ધોરિયો તૂટી ગયો. બાળક એને સરખો કરી શક્યો નહિ ને પાણી ચોતરફ વેડફાવા લાગ્યું ત્યાં ખેડૂત આવી ચડ્યો. આ દૃશ્ય જોઈ, બાળકને ધમકાવી તૂટેલા ધોરિયા આડો સૂવાનો આદેશ આપ્યો. બાળકે એ પ્રમાણે કરતાં ખેડૂત એની બાજુમાં માટી નાખી જતો રહ્યો ! એ દરમ્યાન બગડીના ઠાકોર પ્રતાપસિંહ ત્યાંથી પસાર થતાં એમને દયા આવી ને બાળકને ઉઠાડ્યો. પૂછપરછ કરતાં માનવ-પારખુ ઠાકોરે બાળકની તેજસ્વિતા જાણી લીધી. બાળકને પોતાની સાથે પોતાની જાગીરમાં લાવી ઉચિત શિક્ષણની વ્યવસ્થા કરી આપી. ધીમે ધીમે બાળકનાં સુષુપ્ત શક્તિ-ગુણો ખીલવા લાગ્યાં, યોગ્ય અભ્યાસ પૂર્ણ થતાં દુરસાજી ઠાકોરની રાજસેવામાં જોડાઈ ગયા. કાવ્ય-શક્તિ પણ છૂટક છૂટક પંક્તિઓમાં સ્ફુરવા લાગી. સ્વામિભક્ત દુરસાજીએ ઠાકોરનો વિશ્વાસ જીતી લેતાં ઠાકોરે એની પોતાના અંગત સલાહકાર અને સેનાપતિ તરીકે નિમણૂક કરી, એટલું જ નહિ, બે ગામ(ધૂંદલા અને નાતાલકૂંડી)ની જાગીર પણ આપી !

એક વખત અકબર બાદશાહ સોજતના માર્ગે થઈ આગ્રાથી અમદાવાદ જઈ રહેલ ત્યારે સોજતના ઉતારાની અને માર્ગની સુવ્યવસ્થા જાળવવાનું કામ દુરસાજીને સોંપાયેલ. એ સમયે ગુજરાતમાં આવતી વેળાએ બાદશાહના વિશ્રામસ્થળોમાં મુખ્ય સોજતનું વિશ્રામસ્થળ હતું. દુરસાજીએ એની વ્યવસ્થાશક્તિનો પરિચય કરાવી એટલી સુંદર વ્યવસ્થા કરી કે બાદશાહ અકબરે પ્રસન્ન થઈ, એની મુક્ત પ્રશંસા કરી મોટું ઈનામ પણ આપ્યું ! ત્યારથી કહેવાય છે કે દુરસાજીનો શાહી સંપર્ક શરૂ થયો.

વિ.સં. ૧૬૪૦ દરમ્યાન સિરોહીના રાવ સુરતાણસિંહ સામે મેડતાના જગમાલ રાઠોડની મદદે અકબરે જ્યારે શાહી સેના મોકલેલ ત્યારે મારવાડ રાજ્ય તરફથી શાહી સેનાની મદદે જે સેના મોકલાયેલ તેમાં દુરસાજી પ્રમુખ હતા. આબુ નજીક ઘમસાણ મચ્યું. સાંજના યુદ્ધ થંભ્યું ત્યારે સુરતાણસિંહ યુદ્ધના મેદાનમાં ઘૂમી રહ્યા હતા ત્યારે એક અજાણ્યા ઘાયલ સૈનિકને જોઈ એને મારી નાખવાનો એમણે સાથેના સૈનિકોને આદેશ આપતાં એક સૈનિકે તલવાર ઉપાડી તો દુરસાજીએ પોતે ચારણ હોઈ ન મારવા વિનંતી કરી. ત્યારે સુરતાણસિંહે ખાતરી માગતાં દુરસાજીએ યુદ્ધમાં વીરગતિ પામેલ સમરા દેવડાની પ્રશંસા કરતો દોહો કહી સંભળાવ્યો :



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ધર રાવાં જસ ડુંગરાં બદ પોતાં સત્ર હાણુ;
સમરે મરણ સુધારિયો, ચહું ચોકાં ચહુઆણ."

સુરતાણસિંહને ઘાયલ સૈનિક ચારણ હોવાની ખાતરી થતાં ત્યાંથી ઉપડાવી, પોતાની સાથે સિરોહી લાવી યોગ્ય સારવાર કરાવતાં ટૂંક સમયમાં એ સાજા થઈ ગયા. પોતાને જીવનદાન આપનારને ત્યાં જ પછીથી કવિ રહ્યા. સુરતાણસિંહજીએ એમને જાગીર પણ આપી.

અરવલ્લીની પહાડીઓમાં બેહાલ બની કુટુંબ સાથે ભટકતા પ્રતાપે અંતે અકબરની સાથે સમાધાન કરી લેવાનો કડવો નિર્ણય કર્યાના સમાચાર દુરસાજીને મળતાં એઓ પ્રતાપની પાસે દોડી ગયા ને પ્રતાપની ક્ષણિક નિર્બળતાને પોતાની શૌર્યભરી ઓજસ્વી વાણીથી ખંખેરી નખાવી પુનઃ સજાગ કર્યાની એક દંતકથા પણ મળે છે, જે સર્વથા અનુચિત છે. હા, તત્કાલીન સમયે હિંદુ રાષ્ટ્રની અવગતિ થતી જોઈ એનો કવિજીવ ઊકળી ઊઠતો ને આના સમર્થનમાં રાજસ્થાનમાં જન-જાગૃતિ લાવવા એમણે પ્રયત્નો શરૂ કરેલ. સંભવ છે કે એમના આ અભિયાન દરમ્યાન કોઈએ ઉપરનો પ્રસંગ ઉપજાવી કાઢ્યો હોય!

કવિનું અંગત જીવન જોઈએ તો એમને બે પત્નીઓ અને ચાર પુત્રો ભારમલ, જગમાલ, સાદૂલ અને કિસન હોવાનું મનાય છે. બીજી પત્ની પર તેને વિશેષ પ્રેમ હતો. એમ કહેવાય છે કે સંપત્તિ બાબતે મોટેરા પુત્ર જગમાલ સાથે વિખવાદ થતાં કવિ બધું છોડી, નાના પુત્ર કિસનની પાસે આવી અંતિમ સમય (અર્થાત્ મૃત્યુ ઈ.સ. ૧૬૫૫) પર્યંત રહેલ.

દુરસાજીનું આયુ જેટલું દીર્ઘ હતું તેના પ્રમાણમાં એમનું સર્જન એટલું વિપુલ નથી. એમની જે રચનાઓ હોવાનું નોંધવામાં આવે છે તેમાં 'વિરુદ છિહત્તરી' 'કિરતાર બાવની' અને 'શ્રી કુમાર અજાજીની ભૂચર મોરીની ગજગત' ઉપરાંત પ્રકીર્ણ રચનાઓ મળે છે. આમાંથી 'વિ. છિ' સિવાયની બે રચનાઓ સંદેહાત્મક છે, તો 'વિરુદ છિહત્તરી' પણ કવિની રચના ન હોવાની દલીલો કરાય છે. ટૂંકમાં નોંધીએ :

(૧) આગળ નોંધ્યું તેમ કવિ જેના આશ્રિત હતા તે અકબરના જાગીરદાર આશ્રિત હતા. હવે જેના આશ્રિત હોય તેના સ્વામી વિશે કોઈ અઘટિત કે અભદ્ર વાણી બોલે એ કેવી રીતે સંભવે? 'વિ.છિ.'માં કવિએ અકબર માટે 'અધમ' 'લાલચી' 'મચ્છ અમાણુ' 'કુટિલ' 'હિયાફૂટ' (જુઓ 'વિરુદ છિહત્તરી' ૧-૩-૪-૮-૭૧) ઈત્યાદિ. હા, 'વિ. છિ.'ની વાણી શૌર્યરસને ઉત્તેજક ઓજસ્વી અવશ્ય છે!

(૨) 'વિ.છિ.'ના નીચેના દોહામાં કવિ અકબર-પ્રતાપ વચ્ચે દેબારી દરવાજે યુદ્ધ થયાનો ઉલ્લેખ કરે છે :

"દેબારી સુરદ્વાર અડિયો અકબરિયો અસુર,
લડિયો ભડ લલકાર, પોલાં ખોલ, પ્રતાપસી."

હવે હકીકત એ છે કે અકબર કે એની સેના સાથે પ્રતાપનું દેબારી દરવાજે ક્યારેય યુદ્ધ થયું જ નથી. ઉક્ત દોહામાં 'પોલાં' શબ્દ ઉદયપુરના દરવાજાઓ દર્શાવે છે, પરંતુ ત્યારે અર્થાત્ પ્રતાપના સમયે એ દરવાજાઓનું હજુ અસ્તિત્વ જ નહોતું! કેમકે ઉદયપુરના કોટ ને દરવાજા પ્રતાપના પૌત્ર કર્ણસિંહે (વિ. સં. ૧૬૫૬-૮૬) શરૂ કરાવેલ ને મહારાણા સંગ્રામસિંહ બીજા (સં. ૧૭૬૭-૧૮૦૮) દરમ્યાન પૂર્ણ થયેલ, આથી ડૉ. મોતીલાલ મેનારિયા જેવા વિદ્વાન આ કૃતિને સં. ૧૮૦૮

[અનુ. પા. ૧૬ નીચે]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૌર્યયુગ અને કચ્છ

શ્રી. સંજય પી. ઠાકર

પ્રાચીન ભારતના મહાન રાજનીતિજ્ઞ, મૌર્યયુગના મહામાનવ, 'અર્થશાસ્ત્ર' ગ્રંથના રચયિતા ચાણક્યના જીવન પર આધારિત હિન્દી ટી. વી. સીરિયલ દર રવિવારે સવારે ટી. વી. પર દર્શાવાઈ રહી છે ત્યારે મૌર્યયુગ-સમયની કચ્છની સ્થિતિ, મૌર્યશાસન અને કચ્છના સંબંધ વિશે જાણવું પ્રાસંગિક અને રસપ્રદ થઈ રહેશે.

મૌર્ય રાજાઓએ કુલ ૧૩૭ વર્ષ રાજ્ય કર્યું એ બાબતમાં સર્વ પુરાણો એકમત છે. મૌર્યવંશની સ્થાપના ઈ. સ. પૂર્વે ૩૨૨ ના અરસામાં થઈ હોઈ, એનો અંત ઈ. પૂ. ૧૮૫ ના અરસામાં આવ્યો ગણાય, પરંતુ કચ્છ અને સમગ્ર ગુજરાતમાં મગધના એ રાજવંશની સત્તા છેવટ સુધી રહી હતી કે ત્યાં બીજા કોઈ રાજવંશની સત્તા પ્રવર્તતી હતી એ બાબતમાં કંઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી, આમ છતાં ઐતિહાસિક પ્રમાણભૂત પુરાવા અને વિશ્વસનીય કડીઓને આધારે એમ કહી શકાય કે કચ્છ-ગુજરાતમાં મૌર્યસત્તા પ્રવર્તતી હતી.

'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ ૧-૨'માં શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટે લખે છે કે 'મૌર્યસામ્રાજ્યનું કેંદ્ર ગુજરાતથી હજાર કોશ ઉપર પાટલીપુત્ર (હાલના પટણામાં) હોવા છતાં એની સીમા પશ્ચિમ સમુદ્રને અડતી હતી અને આપણો પ્રાંત મૌર્યસામ્રાજ્યનો એક ભાગ હતો એ તો ગિરનારના શૈલલેખથી સિદ્ધ થયેલી વાત છે. આ શિલાલેખ ઈ. સ. પૂર્વે ૨૭૪-૨૩૭ ની વચ્ચેનો છે... મૌર્યસામ્રાજ્યના સમયની બીજી વિગત આપણા (ગુજરાત) પ્રાંતને લગતી ખાસ ન મળવા છતાં આ લેખના સ્થળ અને કૌટિલ્ય-અર્થશાસ્ત્રમાં સૌરાષ્ટ્ર અને અપરાંતના ઉલ્લેખોથી પણ એટલું તો ચોક્કસ મનાય કે આ વિભાગ આબાદ હોવો જોઈએ. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય(ઈ. પૂ. ૩૨૨-૨૯૮)ના સમયમાં એનો સાળો વૈશ્ય પુષ્યગુપ્ત સૌરાષ્ટ્રનો સૂબો હતો. એણે સુદર્શન તળાવ ગિરનાર-ઉર્જયંત પર્વતની તળેટીમાં બંધાવ્યું હતું...મહાક્ષત્રપ રુદ્રદામાના (ઈ સ. ૧૫૦) લેખથી એ પણ સમજાય છે કે ચંદ્રગુપ્ત પછી મૌર્યવંશને શોભાવનાર એનો પુત્ર બિંદુસાર અમિત્રઘ્ન (ઈ. પૂ. ૨૯૮-૨૭૩) ગાદીએ આવ્યા પછી જગપ્રસિદ્ધ સમ્રાટ અશોક (ઈ. પૂ. ૨૭૩-૨૩૭) ગાદીએ આવ્યો. એના સમયમાં સૌરાષ્ટ્રનો સૂબો યવનરાજ તુશાસ્પ હતો.'

'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૨ : મૌર્યકાલથી ગુપ્તકાલ'- (સંપાદકો શ્રી રસિકલાલ છો. પરીખ અને હરિપ્રસાદ ગં. શાસ્ત્રી)માં જોવા મળે છે કે 'ગિરનારના અભિલેખોથી એ સ્પષ્ટ થાય છે કે ગુજરાત મૌર્ય ચંદ્રગુપ્ત અને એના પૌત્ર અશોકની આણમાં હતું. મૌર્યકાલમાં આનર્ત-સૌરાષ્ટ્રનું શાસન-નગર કયાં હશે એનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ ચંદ્રગુપ્તે આ સ્થળે સુદર્શન તળાવ કરાવ્યું અને અશોકે એને સુદૃઢ કરી પ્રનાળી(નહેરો)થી અલંકૃત કર્યું એ ઉપરથી અનુમાન કરી શકાય છે કે મૌર્યયુગમાં પણ 'ગિરિનગર' (જૂનાગઢ) ગુજરાતનું અધિષ્ઠાન હતું. સૌથી પ્રબળ પુરાવો એ છે કે અશોકે પોતાની ધર્મલિપિઓનાં જાહેરનામાં માટે આ સ્થળને પસંદ કર્યું.'

મગધ(દક્ષિણ બિહાર)ના મૌર્યસામ્રાજ્યનું શાસન સૌરાષ્ટ્ર પર પ્રવર્તેલું એટલું તો અશોકના શૈલલેખોના સ્થાન પરથી તેમજ રુદ્રદામાના શૈલલેખમાં આવતા ગિરિનગરના ઉલ્લેખ પરથી નિશ્ચિત થાય છે. આ પરથી એની સમીપમાં આવેલ કચ્છ તથા તળ-ગુજરાતનો પ્રદેશ પણ પ્રાય: મગધના મૌર્યસામ્રાજ્યના શાસન નીચે હોવાનું સ્પષ્ટ થાય છે. અશોકનું શાસન ગુજરાતની પૂર્વે આવેલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માળવામાં અને દક્ષિણે આવેલ કોંકણમાં પ્રવર્તતું એ પરથી આ સંભવને સમર્થન મળે છે. આ ગુજરાતનો સમસ્ત પ્રદેશ ત્યારે મગધના મૌર્યસામ્રાજ્યના શાસન નીચે હતો એ લગભગ નિશ્ચિત ગણાય

અત્રે એ નોંધવું જરૂરી છે કે કચ્છમાં અંધૌમાં મળેલા જૂનામાં જૂના ચાર યષ્ટિલેખો (ઈ. સ ૧૩૦) ક્ષત્રપ રાજા ચાષ્ટન અને રુદ્રદામાના સમયના છે ને એમાં અમુક અમુક વ્યક્તિની યષ્ટિ એન એના અમુક સંબંધીએ ઊભી કરાવ્યાનું નોંધવામાં આવ્યું છે.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સુરાષ્ટ્રનો ઉલ્લેખ આવે છે. અશોકના અભિલેખોમાં માત્ર અપરાંત પ્રદેશોનો નિર્દેશ આવે છે, કચ્છ સુરાષ્ટ્ર આનર્ત ઇત્યાદિનો સમાવેશ એમાં અધ્યાહત રહેલો ગણાય. શ્રી ઉમાશંકર જોશી પોતાના પુસ્તક 'પુરાણોમાં ગુજરાત'માં નોંધે છે કે "અપરાન્ત' એટલે પશ્ચિમ છેડે કે સરહદ, અર્થાત્ પશ્ચિમ ભારતવર્ષનો સમસ્ત સરહદી પ્રદેશ. પુરાણોમાં 'અપરાંત' સમૂહવાચક સ્થળ-નામ તરીકે પ્રયોજાયું છે ને ત્યારે એમાં નાસિક્ય શૂર્પારક આંતર-નર્મદ ભારુકચ્છ માહેય સારસ્વત કચ્છ સુરાષ્ટ્ર આનર્ત અને અર્બુદનો સમાવેશ થતો.'

મેગેસ્થિનિસ (આશરે ઈ. પૂ. ૩૦૦) સેલ્યુકસ નિકેતોરના એલચી તરીકે સમ્રાટ ચંદ્રગુપ્તની સાથે રહ્યો હતો અને એણે ચાર ગ્રંથ ભરીને ભારતવર્ષનો વૃત્તાંત લખ્યો હતો. આ પરદેશી પ્રવાસીએ કચ્છને 'પાતાલ દ્વીપ'ની ઉપમા આપેલી છે.

કચ્છના જાણીતા અભ્યાસક શ્રી રામસિંહજી કા. રાઠોડ 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માં કહે છે કે 'ઈ. સ. પૂર્વે ૩૨૭માં હિંદ છોડતી વખતે સિકંદરનો કાફલો કચ્છના રણસાગરમાંથી પસાર થયો હોવાની નોંધ મળે છે. ગુજરાતનો સળંગ ઇતિહાસ લગભગ ઈ. સ. પૂર્વે ત્રીજા શતકથી મળે છે ને ત્યારથી એક કે બીજી રીતે કચ્છનો એમાં સમાવેશ થતો આવે છે. ચંદ્રગુપ્ત મૌર્યની સામ્રાજ્ય-સત્તા નીચે સોરઠ હતું એટલે એની ઉપરનો કચ્છનો પ્રદેશ એમાં આવી જતો. યવન યુક્રેટિડિઝ, મિનેન્ડર અને એપોલોડોટસ(વિ. સં. પૂર્વે ૫૪ થી ૪૪)ના સિક્કાઓ કાઠિયાવાડમાંથી મળ્યા છે અને કાઠિયાવાડ સાથે કચ્છ એઓને તાબે હોવાની માન્યતા છે.'

'બ્લેક હિલ્સ ઑફ કચ્છ'માં પ્રો. એલ. એફ. રશબ્રુક વિલિયમ્સ કચ્છમાં મૌર્યસત્તા હોવાની શક્યતાને સમર્થન આપતાં લખે છે કે 'કચ્છ મૌર્યકાલમાં એક સ્વતંત્ર રાજ્ય હતું, એવી સાબિતી ગ્રીક કે કૌટિલ્યના ગ્રંથોમાંથી નીકળતી નથી, પરંતુ મૌર્યવંશના રાજા ચંદ્રગુપ્તના સમયમાં ગુજરાતની જે સમૃદ્ધિ હતી તેનો કચ્છને પણ લાભ મળતો હતો એ નિર્વિવાદ છે...ચંદ્રગુપ્તનું રાજ્ય હિંદુકુશથી માઈસોર સુધી વિસ્તરેલું હતું, જેમાં ગુજરાત, કાઠિયાવાડ તેમ જ સેલ્યુકસ નિકોતેર પાસેથી ખાલસા કરેલ સિંધના પ્રદેશનો પણ સમાવેશ થતો હોવાથી કચ્છ પ્રદેશ પણ અશોકના વર્ચસ નીચે આવ્યો હશે, એમ દરેક રીતે સંભવિત છે. મૌર્યસામ્રાજ્ય ભાંગ્યું ત્યારે બેક્ટ્રિયાથી ધસી આવતા ગ્રીકોએ ગુજરાત, કચ્છ અને સિંધ પર હકૂમત જમાવી.'

કચ્છ પર મૌર્યશાસનનો પ્રભાવ હતો એ વાતને શ્રી નરેંદ્રકુમાર મ. જોશી પોતાના પુસ્તક 'ભાતીગળ ભોમકા કચ્છ'માં સમર્થન આપે છે. ગિરનાર પર્વત પાસેનો ૭૫ ફૂટ ઘેરાવાનો એકમાત્ર ઐતિહાસિક શિલાલેખ ઇતિહાસની ગવાહી આપે છે તેમ કચ્છમાં મળી રહેલા બૌદ્ધ પુરાવશેષો પણ કચ્છમાં ઈ. સ. પૂર્વે ચોથીથી પહેલી સદીમાં મૌર્યશાસનની સાક્ષી પૂરે છે, કારણ કે એ સમયે બૌદ્ધ ધર્મનો પ્રભાવ અને પ્રસાર થયો હતો. કચ્છના સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર અને ઇતિહાસવિદ શ્રી દુલેરાય એલ. કારાણી 'કારાણીકુંજ'માં નોંધે છે કે 'પાદરસ્થળીના સમય પછી સિકંદરના આગમાન લગીનો

[અનુ. પા. ૧૪ નીચે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વઢવાણ પ્રજાપરિષદની લડત

ડૉ. મહેબૂબ દેસાઈ

સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સૌરાષ્ટ્રના વઢવાણ રાજ્યનો ફાળો નોંધપાત્ર હતો. વઢવાણે સૌરાષ્ટ્રને અનેક મોખરાના સ્વાતંત્ર્ય-સૈનિકો આપ્યા હતા. વઢવાણના સ્વાતંત્ર્ય-સૈનિક શ્રી. ફૂલચંદભાઈ કસ્તૂરચંદ શાહ (૧૮૯૫ થી ૧૯૮૧) અને સ્વામી શિવાનંદજી(૧૮૯૬ થી ૧૯૫૧)એ સૌરાષ્ટ્રની અનેક પ્રજાકીય લડતોમાં સક્રિય ભાગ લેવા ઉપરાંત સૌરાષ્ટ્રના જુવાનોને સત્યાગ્રહમાં ભાગ લેવા પ્રેરણા પણ પૂરી પાડી હતી. વઢવાણના શ્રી. ચિમનભાઈ વૈષ્ણવ (૧૮૯૭ થી ૧૯૪૦) પણ સૌરાષ્ટ્રના મોટા ભાગના સત્યાગ્રહોમાં સક્રિય રહ્યા હતા. વઢવાણના રાષ્ટ્રપ્રેમી શ્રી. મોતીભાઈ દરજીને તો ગાંધીજીએ પોતાની આત્મકથામાં બિરદાવ્યા છે.[1]

રાષ્ટ્રને આવા સંનિષ્ઠ સૈનિકો આપનાર વઢવાણ રાજ્યના શાસકો સૌરાષ્ટ્રના મોટા ભાગના દેશી રાજાઓ જેવા જ અપ્રજાકીય પુરવાર થયા હતા. વઢવાણના ઠાકોર જશવંતસિંહજી છ વર્ષ શાસન કરી ૨૨-૨-૧૯૧૮ ના રોજ અવસાન પામ્યા. એમના પુત્ર ઠાકોર જોરાવરસિંહજી સગીર હતા. એઓ પુખ્ત થતાં ૧૬-૨-૧૯૨૦ ના રોજ એમણે રાજ્યકારભાર સંભાળ્યો.[2] 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'નું બીજું અધિવેશન[3] વઢવાણ કૅમ્પમાં એમના શાસનકાલ દરમ્યાન જ થયું હતું. ૧૯૨૨ ના નવેમ્બરની ૧૧, ૧૨ અને ૧૩ તારીખે ભરાયેલ આ અધિવેશનના પ્રમુખ ગાંધીજીના સાથી અને ગુજરાતના બુઝર્ગ દેશભક્ત અબ્બાસ તૈયબજી હતા.[4]

જોરાવરસિંહજીએ ૧૯૨૦ થી ૧૯૩૪ સુધી શાસન કર્યું.[5] એમના વારસદાર સુરેન્દ્રસિંહજી ૧૯૩૪ થી '૪૨ સુધી સગીર હતા, આથી એમની સગીર અવસ્થા દરમ્યાન ત્રણ સભ્યોની બનેલી રિજન્સી કાઉન્સિલે રાજ્યનો વહીવટ સંભાળ્યો હતો. એમના સમયમાં 'વઢવાણ કૅમ્પ'નું નામ બદલી 'સુરેન્દ્રનગર' રાખવામાં આવ્યું હતું. સુરેન્દ્રસિંહજી પુખ્ત થતાં તા ૮-૬-૧૯૪૨ ના રોજ એમણે રાજ્ય-કારભાર સંભાળ્યો.[6]

આમ સૌરાષ્ટ્રના અન્ય શાસકો જેવું જ અપ્રજાકીય માનસ ધરાવતા વઢવાણના શાસકો સામે વઢવાણના સૈનિકોએ વિવિધ રાજકીય પ્રવૃત્તિઓ દ્વારા વઢવાણને ધમધમતું રાખ્યું હતું. એ સમયે સૌરાષ્ટ્રમાં પ્રજાઘડતરમાં કિંમતી ફાળો આપનારી ત્રણ રાષ્ટ્રિય શાળાઓ અસ્તિત્વમાં હતી, જેમાં વઢવાણ રાષ્ટ્રિય શાળા, ભાવનગર દક્ષિણામૂર્તિ ભવન અને રાજકોટ રાષ્ટ્રિય શાળાનો સમાવેશ થતો હતો. વઢવાણમાં રાષ્ટ્રિય શાળા ઉપરાંત સ્વરાજ્ય-આશ્રમની સ્થાપના પણ શ્રી. ફૂલચંદભાઈ શાહના પ્રયાસોથી થઈ હતી.

વઢવાણના શાસક શ્રી. જોરાવરસિંહજીની શાસનતંત્ર પ્રત્યેની સંપૂર્ણ નિષ્ક્રિયતાને કારણે રાજ્ય-તંત્રની સંપૂર્ણ લગામ દીવાન શ્રી. ભીમજીભાઈના હાથમાં હતી, આથી વઢવાણમાં ચાલતી વિવિધ રાષ્ટ્રિય પ્રવૃત્તિઓમાં એક યા બીજા સ્વરૂપે અડચણો ઊભી કરવામાં એમનો ફાળો વિશેષ હતો.

પ્રજા રાજ્યના દીવાન શ્રી. ભીમજીભાઈના તંત્રથી 'ત્રાહિ મામ્' પોકારી ગઈ હતી. અંતે પ્રજાસેવકોએ વઢવાણના નીંભર વહીવટીતંત્રને જગાડવા સૌરાષ્ટ્રનાં અખબારોમાં લેખો લખવા માંડયા. રાણપુરથી પ્રસિદ્ધ થતા, શ્રી. અમૃતલાલ શેઠના, 'સૌરાષ્ટ્ર'-સાપ્તાહિકમાં વઢવાણ રાજ્યની જુલમશાહીને વ્યક્ત કરતાં જલદ લખાણો પ્રસિદ્ધ થવા લાગ્યાં. એક અન્ય અખબાર 'સૌરાષ્ટ્ર મિત્ર' પણ વઢવાણ રાજ્યના તંત્રની



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉગ્ર ટીકા કરી. પોતાના રાજ્યની જુલ્મશાહી સૌરાષ્ટ્રનાં અખબારોમાં પ્રસિદ્ધ થાય એ દીવાન ભીમજી-ભાઈ કેવી રીતે સાંખી લે? આથી એમણે પોતાના રાજ્યની ટીકા કરવા બદલ 'સૌરાષ્ટ્ર મિત્ર' નામના અખબાર પર પ્રતિબંધ મૂકયો. આ અખબાર પર વઢવાણ રાજ્યમાં થયેલા મનાઈ–હુકમની જાણ થતાં પ્રજાએ એનો સખત વિરોધ કર્યો. આ વિરોધને વાચા આપવાના હેતુથી ૫ ઑક્ટોબર, ૧૯૨૯ ના રોજ વઢવાણમાં એક જાહેર સભા ભરવાનું પ્રજાસેવકોએ નક્કી કર્યું.

આ જાહેર સભાની જાહેરાત શ્રી. ચિમનભાઈ વૈષ્ણવની સહીવાળી એક પત્રિકાથી કરવામાં આવી, જેમાં રાજ્યના મનાઈ–હુકમને કડક શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યો હતો. ૫ ઑક્ટોબર, ૧૯૨૯ ના રોજ રાત્રે આઠ વાગ્યે આ જાહેર સભા મળી, જાહેર સભામાં લગભગ બે–ત્રણ હજાર માણસો હાજર હતા. સભાનું પ્રમુખસ્થાન શ્રી. ફૂલચંદભાઈ શાહે લીધું. સભાના પ્રારંભે શ્રી. ચિમનભાઈ વૈષ્ણવે પોતાનું જલદ વ્યાખ્યાન આરંભ્યું. શ્રી. ચિમનભાઈનું વ્યાખ્યાન ચાલુ હતું ત્યારે જ 'મારો, મારો, વીંખો, વીંખો'ના પોકારો સાથે દસપંદર પોલીસો સભામાં બેઠેલા નિર્દોષ નાગરિકો પર તૂટી પડયા અને પ્રજા તથા સેવકો પર અમાનુષીય લાઠીચાર્જ શરૂ કર્યો. એક પોલીસે શ્રી. ફૂલચંદભાઈની ગળચી પકડી એમની સાથે અસભ્ય વર્તન દાખવ્યું. સભાને વિખેરવા લાઠીચાર્જ સાથે પોલીસોએ સૈનિકોની ધરપકડ પણ કરવા માંડી. થોડી જ વારમાં મૅજિસ્ટ્રેટ શ્રી ગિરધરલાલ તથા પોલીસ સુપરિટેન્ડન્ટ દાનસંગજી ઘટના સ્થળે આવી પહોંચ્યા. એમના આગમન પછી પોલીસના જુસ્સો વધ્યો. એમણે સભાના વક્તા શ્રી. ચિમનભાઈ વૈષ્ણવ પર ક્રૂર રીતે લાઠીચાર્જ શરૂ કર્યો. માર મારી એમની પણ પોલીસ ચોકીમાં ધરપકડ કરી. આ દૃશ્ય નિરાંતે માણતા મૅજિસ્ટ્રેટ શ્રી. ગિરધરલાલ દવેએ પોલીસોને ટપારતાં કહ્યું :

'મેં તમને ગિરફતાર કરવાનો હુકમ આપ્યો નથી, જેથી પોલીસ ચોકીનાં બારણાં ખોલી નાખો અને એ માણસોને છોડી મૂકો.'[૮]

આ અમાનુષીય બનાવની જાણ શ્રી. મણિલાલ વલ્લભભાઈ કોઠારીને[૯] થતાં એઓ વઢવાણ દોડી આવ્યા. આ બનાવના વિરોધમાં ૭ ઑક્ટોબરના રોજ શ્રી. મણિલાલ કોઠારીની અધ્યક્ષતામાં એક વિશાળ જાહેર સભા વઢવાણમાં મળી, આ જાહેર સભામાં મણિલાલ કોઠારીએ સતત અઢી કલાક આગ ઝરતી વાણીમાં વઢવાણ રાજ્યતંત્રનું નગ્ન સ્વરૂપ પ્રજા સમક્ષ રજૂ કર્યું. રાજ્યના અમાનવીય વર્તનના વિરોધમાં વઢવાણના યુવકો પણ એકત્રિત થયા અને એમણે રાજ્યના અમાનુષીય પગલાની સામે લડત આપવા 'યુવક સંઘ'ની સ્થાપના કરી. યુવકોની એ બેઠકમાં સંયુક્ત રીતે ઠરાવવામાં આવ્યું કે

'પ્રજાના પ્રાથમિક હક્ક ઉપર તરાપ મારનાર, વર્તમાનપત્રોની બંધી સામેના રાજ્યના હુકમનો વિરોધ દર્શાવવા મળેલ પ્રજાજનોની સભા પર પોલીસોએ જે ગેરવર્તણૂક કરી છે તે સામે આપખુદ પગલા તરફ વઢવાણના યુવકો રોષ વ્યક્ત કરે છે.'[૧૦]

આમ સમગ્ર વઢવાણમાં રાજ્ય સામે ઉગ્ર વિરોધ ભભૂકી ઊઠયો હતો. વળી, શ્રી મણિલાલ કોઠારીએ આ બનાવની રજૂઆત ઠાકોરસાહેબ સમક્ષ કરી પરિણામે પ્રજાના શોષને હાલ તુરત મંદ કરવાના હેતુથી ઠાકોરસાહેબે પોતાની સહીથી ઑર્ડર નંબર ૩૪ દ્વારા હુકમ કર્યો કે

'૫ ઑક્ટોબરના કિસ્સા સબંધે તપાસ કરવા માટે શ્રી મણિલાલ કોઠારી, શ્રી. નૂરભાઈ મુલ્લાં અને શ્રી. હસનઅલી કેડાણવાળાની સમિતિ નીમવામાં આવે છે.'[૧૧]

આ જ અરસામાં 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'ની કાર્યવાહક સમિતિની બેઠક વઢવાણમાં થઈ, જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ હાજરી આપવા વઢવાણ આવ્યા. એ નિમિત્તે સરદાર પટેલના અધ્યક્ષ-સ્થાને વઢવાણમાં એક જાહેર સભા મળી. આ જાહેર સભામાં વઢવાણના બનાવનો ઉલ્લેખ કરતાં સરદારે કહ્યું કે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'વઢવાણમાં સત્યાગ્રહીઓને માર પડયો એ જાણી હું બહુ રાજી થયો. ભાઈ ફૂલચંદ અને એની ટુકડી બારડોલી આવી અમને પ્રેમના બંધને બાંધી ગઈ છે. ભાઈ ફૂલચંદ પાછળ આખું ગુજરાત પડયું છે, ફૂલચંદ જેલમાં હોય ત્યારે ગુજરાત શાંત રહી શકે નહિ. એવો પ્રસંગ આવે ત્યારે ગુજરાતમાંથી ગાડીઓ ભરીને સૈનિકો લાવું, એ તો પ્રેમનો ધર્મ છે. ઠાકોરસાહેબે કમિટી આપી છે તે દિવસથી જ આપણી જીત થયેથી છે.'[૧૨]

સરદાર પટેલના આ ભાષણે વઢવાણની પ્રજાનો જુસ્સો વધાર્યો. વળી, પોલીસ અને અમલદારોના અમાનુષીય અત્યાચારોની તપાસ કરવા માટે રાજ્યે નીમેલ તપાસ-સમિતિના કાર્યને રાજ્યના અમલદારો અને ખુદ રાજ્ય તરફથી અસહકાર સાંપડયો, રાજ્યના અમલદારો પોતાનાં કૃત્યો બદલ પ્રાયશ્ચિત્ત કરી રહ્યા છે, માફી માગી રહ્યા છે, એવાં એવાં બહાનાં તળે તપાસ-સમિતિનું કાર્ય ખોરંભે પાડવામાં આવ્યું,[૧૩] પરિણામે પ્રજામાં રાજ્ય પ્રત્યે રોષ વ્યાપક બન્યો. અમલદારી અમાનુષીય નીતિને છાવરવાના રાજ્યના પ્રયાસો સામે પ્રજાકીય સંગઠન સ્થાપી લડત આપવાનો વિચાર પ્રજાકીય સેવકોએ પ્રજામાં વહેતો મૂક્યો, જેને પ્રજાએ સહર્ષ વધાવી લીધો હતો.[૧૪]

આમ 'વઢવાણ પ્રજાપરિષદ' ભરવાનું નક્કી થતાં એના પ્રસાર-પ્રચારનું કાર્ય કાર્યકરોએ ત્વરિત ઉપાડી લીધું. વઢવાણ બહાર વસતા વઢવાણવાસીઓનો પણ આ પરિષદમાં સહકાર મેળવવાના હેતુથી ૬ ઑક્ટોબરના રોજ અમદાવાદની નવી ગુજરાતી શાળામાં વઢવાણના વતનીઓની એક સભા મળી. આ સભાના પ્રમુખ શ્રી કૃષ્ણશંકર કાલિદાસ શુકલ હતા. સભામાં પરિષદના હેતુ અને ઉદ્દેશો સબંધી ચર્ચા-વિચારણા થઈ.[૧૫] વઢવાણ રાજ્યમાં પણ પરિષદના પ્રચારનું કાર્ય જોરશોરથી ચાલી રહ્યું હતું. પ્રજામાં પરિષદ પ્રત્યે સારી એવી સભાનતા આવી હતી. રાજ્યના કેટલાક અમલદારોએ 'પરિષદ નથી જોઈતી'વાળાં લખાણો નીચે પ્રજાની સહીઓ લઈ પરિષદને તોડી નાખવા પ્રયાસો કર્યા, પરંતુ એમના આ કાર્યને પ્રજા તરફથી યોગ્ય પ્રતિસાદ સાંપડયો નહિ તેથી સહી-ઝુંબેશ બંધ કરવી પડી.

પરિષદના આખરી આયોજન માટે ૩ નવેમ્બર, ૧૯૨૯ ના રોજ વઢવાણમાં પરિષદના કાર્યાલય પર સ્વાગત સમિતિની બેઠક મળી, જેમાં 'વઢવાણ પ્રજા પરિષદ' અંગે નીચે મુજબના નિર્ણયો લેવાયા હતા :

૧. 'વઢવાણ પ્રજા પરિષદ'ના સત્કાર-પ્રમુખ તરીકે શ્રી. મોહનલાલ પીતાંબર સંઘવીની[૧૬] સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી.

૨. 'વઢવાણ પ્રજાપરિષદ'ના મંત્રીઓ તરીકે શ્રી. તલકશી દોશી, શ્રી. મણિશંકર ભટ્ટ, શ્રી. ફૂલચંદ શાહ અને શ્રી. ચિમનલાલ વૈષ્ણવની વરણી કરવામાં આવી.

૩. 'વઢવાણ પ્રજાપરિષદ'નુ પ્રથમ અધિવેશન ૧૪, ૧૫ અને ૧૬ ડિસેમ્બર, ૧૯૨૯ ના રોજ વઢવાણમાં કરવાનું નક્કી થયું.

૪. 'વઢવાણ પ્રજાપરિષદ'ના પ્રમુખ માટે શ્રી. પોપટલાલ ચૂડગર, શ્રી. મણિલાલ કોઠારી, શ્રી. મણિશંકર રાજારામ, શ્રી. જગજીવન ઉજમશી અને દાક્તર શાહનાં નામો સૂચવાયાં, પરંતુ પ્રમુખની પસંદગી વઢવાણવાસીઓમાંથી જ થાય એવો સ્વાગત-સમિતિના સભ્યોનો આગ્રહ હતો, આથી આ નામોમાંથી વઢવાણના જ શ્રી. મણિલાલ કોઠારીની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી.[૧૭]

આમ પ્રજામાં ઉત્પન્ન થયેલ જાગૃતિના પરિપાક-રૂપે અસ્તિત્વમાં આવેલ 'વઢવાણ પ્રજાપરિષદ'નું પ્રથમ અધિવેશન વઢવાણની યતિ લાલચંદની ધર્મશાળામાં ૧૪, ૧૫ અને ૧૬ ડિસેમ્બર, ૧૯૨૯ ના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોજ થયું. શ્રી. મણિલાલ કોઠારીના પ્રમુખપદ નીચે ૧૪ ડિસેમ્બર, ૧૯૨૯ના રોજ બપોરે ત્રણ કલાકે પરિષદનો પ્રારંભ થયો.

પરિષદના પ્રથમ દિવસે ખેડૂતોને પરિષદમાં આવતા રોકવા રાજ્યે વિવિધ પ્રયાસો કર્યા હતા. પરિષદમાં ભાગ લેવા આસપાસનાં ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો વઢવાણ આવ્યા હતા. આ ખેડૂતોને ઠાકોરસાહેબ બોલાવે છે એવા બહાના હેઠળ રીતસર ઉપાડી જવામાં આવ્યા. આવા ખેડૂતોને દરબારી ઉતારે મીઠું ભોજન જમાડી પરિષદમાં આવતા અટકાવવામાં આવ્યા, આમ છતાં ખારવા અને અન્ય બહાદુર ખેડૂતોએ પરિષદમાં મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ઠાકોરસાહેબના અનેક પ્રયાસો છતાં પરિષદમાં પ્રથમ દિવસે ૫૦૦ ખેડૂતો હાજર રહ્યા હતા.[૧૮] 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'ના મંત્રી શ્રી. દેવચંદભાઈ પારેખ, મહાત્મા ગાંધીજી, શ્રી. પોપટલાલ ચૂડગર, શ્રી. નાતાલિયા, શ્રી. ડી. એન જોશી, શ્રી. ગુલાબરાય દેસાઈ અને શ્રી. બળવંતરાય મહેતાએ પરિષદને પોતાના શુભેચ્છા-સંદેશ મોકલ્યા હતા.

પરિષદનો પ્રારંભ સ્વાગત-પ્રમુખ શ્રી. મોહનલાલ સંઘવીના સ્વાગતપ્રવચનથી થયો હતો. શ્રી. સંઘવીએ પોતાની ધીરગંભીર શૈલીમાં વઢવાણના ખેડૂતોનાં વીતકો વ્યક્ત કર્યાં હતાં. એમણે વઢવાણ રાજ્યતંત્રના અંધાર-પછેડા નીચે તીવ્ર દૃષ્ટિપાત કર્યો હતો. રાજમહેલથી ગરીબ ખેડૂતની ભાંગી તૂટી ઝૂંપડી સુધી લંબાતી રેખાઓ એમણે પોતાના ભાષણમાં રજૂ કરી હતી. સ્વાગત-પ્રમુખના ભાષણ પછી પ્રમુખ શ્રી. મણિલાલ કોઠારીએ પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. એમણે પોતાના વ્યાખ્યાનમાં વઢવાણ રાજ્યના અંધેર વહીવટની સમાલોચના કરતાં કહ્યું હતું કે

'જવાબદાર રાજ્યતંત્રના પ્રથમ હપ્તા તરીકે સ્થાનિક મ્યુનિસિપાલિટીની રચના ચૂંટણીના ધોરણે કરવી જોઈએ. ગયા જાન્યુઆરી માસમાં શ્રી. ઠાકોરસાહેબે ચૂંટણીના ધોરણે મ્યુનિસિપાલિટી બનાવવાની ઇચ્છા બતાવી હતી અને બંધારણ ઘડવા કમિટી નીમી હતી. મારા જાણવા મુજબ સદ્દહુ કમિટીએ પોતાનો ખરડો શ્રી હજૂર પાસે પેશ કર્યો છે છતાં એ વિશે કોઈ જ કાર્યવાહી થઈ જણાતી નથી.'[૧૯]

પ્રજાકીય અધિકારોને વાચા આપતા પ્રમુખશ્રીના ભાષણ પછી પહેલા દિવસનું પરિષદનું કાર્ય પૂર્ણ થયું હતું. બીજે દિવસે વિષયનિર્ણાયક સમિતિની બેઠક મળી. સવારે નવથી બપોરે બાર સુધી એ ચાલી, જેમાં વિવિધ પ્રજાકીય ઠરાવો પસાર થયા. શ્રી. ફૂલચંદભાઈ શાહે જવાબદાર રાજ્યતંત્રનો ઠરાવ રજૂ કરતાં એક બે સારી બાબતો વિશે પ્રકાશ પાડ્યો હતો. એમણે કહ્યું હતું :

'ઠાકોરસાહેબને માણસ કરતાં ઘોડા વધુ વહાલા લાગે છે, કારણ કે રૂ. ૩૦,૦૦૦ રૈયતની કેળવણી પાછળ ઠાકોરસાહેબ ખર્ચે છે, જ્યારે ઘોડાના તબેલા પાછળ ઠાકોરસાહેબનું વાર્ષિક ખર્ચ રૂા. ૬૬,૦૦૦ છે.'

શ્રી. ફૂલચંદભાઈ શાહના જવાબદાર રાજ્યતંત્રના ઠરાવનું સમર્થન શ્રી મગનલાલ દવેએ કર્યું. આ ઠરાવ પછી ખેડૂતોનાં વીતકો દૂર કરવા, દવાખાનાને લગતો, રાજગાદીએ રાજા બેસે ત્યારે નજરાણું આપવાનો વિરોધ કરતો, લગ્ને લગ્ને ચાંદલાનો વિરોધ કરતો, વિઘોટી અને અન્ય લાગા રદ કરતો, વગેરે ઠરાવો પસાર થયા હતા.

બીજે દિવસે પરિષદમાં ખાસ હાજરી આપવા શ્રી. બળવંતરાય મહેતા અને લીંબડીવાળા શ્રી. નાથાલાલ શાહ આવ્યા હતા. શ્રી. નાથાલાલ શાહે પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું :

'પરિષદનો પ્રારંભ કરીને વઢવાણની પ્રજાએ શુભ શરૂઆત કરી છે. હવે પરિષદનું કાર્ય અખંડ ઉત્સાહથી આગળ ધપાવી ઝાલાવાડની પ્રજાનું માર્ગદર્શન કરશે.'



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિષદના અંતિમ દિવસે પ્રમુખ શ્રી. મણિલાલ કોઠારીએ પોતાના ઉપસંહાર-ભાષણમાં પરિષદના ઠરાવોની ઉપયોગિતા બતાવતાં એના અમલીકરણ પર ભાર મૂક્યો હતો. આ માટે કામ કરનાર થોડા સંનિષ્ઠ સેવકોની એમણે જાહેરમાં માગણી કરી હતી એના પ્રતિસાદરૂપે અનેક જુવાનોએ પોતાના નામો નોંધાવ્યાં. ૧૬ ડિસેમ્બર, રાતના આઠ વાગ્યે 'વઢવાણ પ્રજાપરિષદ'ની પૂર્ણાહુતિ થઈ.[૨૦]

આમ વઢવાણના શાસકો દ્વારા સંપન્ન કરવામાં આવેલ અનેક સમસ્યાઓ અને અડચણોને પાર કરી વઢવાણના ઉત્સાહી સેવકોએ પ્રજાના પ્રશ્નોને વાચા આપવા 'વઢવાણ પ્રજાપરિષદ'નું આયોજન કર્યું અને એ કરીને હેમખેમ પાર પાડી 'વઢવાણ પ્રજાપરિષદ'એ વઢવાણમાં ઉત્પન્ન થયેલ પ્રજાકીય જાગૃતિનું પ્રતીક છે એ બતાવ્યું. સૌરાષ્ટ્રનાં આવાં નાનાં નાનાં સ્થાનીય પ્રજાસંગઠનોએ જ સ્વાતંત્ર્ય-ચળવળમાં સૌરાષ્ટ્રનું આગવું પ્રદાન નોંધાવ્યું છે.

## પાદટીપ

૧. ગાંધી, મોહનદાસ કરમચંદ, સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૨, પૃ. ૩૭૬
૨. ગુજરાત ડિસ્ટ્રિક્ટ ગેઝેટ, સુરેન્દ્રનગર, પૃ. ૧૦૭
૩. 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'નું બીજું અધિવેશન શ્રી ફૂલચંદભાઈ શાહના નિમંત્રણથી વઢવાણમાં થયું હતું. પરિષદના ખુલ્લા અધિવેશનમાં ૪૨ ઠરાવો પસાર થયા હતા. આ ઠરાવો પર ગાંધીજીના અસહકારયુગની છાપ અંકિત થયેલી હતી.
૪. શાહ, કાંતિલાલ, 'સૌરાષ્ટ્રમાં ગાંધીજી આગ્રા અને પૂર્તિ', પૃ. ૪૨
૫. શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ પ્રવીણચંદ્ર (સંપાદક), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ગ્રંથ-૯, શેઠ. ભો. જે અધ્યયન-સંશોધન ભવન, અમદાવાદ, ૧૯૮૭, પૃ. ૫૧૦
૬. ગુજરાત ડિસ્ટ્રિક્ટ ગેઝેટ, સુરેન્દ્રનગર, પૃ. ૧૦૭
૭. પાઠક, રામનારાયણ નાગરદાસ, 'કર્મવીર ફૂલચંદભાઈ', પ્ર. લોકોપયોગી સસ્તી ગ્રંથમાળા, વઢવાણ કેળવણી મંડળ, વઢવાણ શહેર, ૧૯૫૫, પૃ. ૧૧૭
૮. સૌરાષ્ટ્ર' (સાપ્તાહિક), ૧૨ ઑક્ટોબર, ૧૯૨૯, પૃ. ૪૫
૯. સુરેન્દ્રનગર જિલ્લાના ભડકવા ગામના વતની શ્રી. મણિલાલે વકીલાત છોડી ગાંધીજીના પ્રભાવથી રાષ્ટ્રિય ચળવળમાં ઝંપલાવ્યું હતું. એઓ સક્રિય સત્યાગ્રહી હોવા ઉપરાંત રાષ્ટ્રિય કાર્યો માટે લાખો રૂપિયાનું ફંડ એકત્રિત કરવાની આવડત પણ ધરાવતા હતા, તેથી જ ગાંધીજીએ એમને 'રાષ્ટ્રિય ભિક્ષુક'નું બિરુદ આપ્યું હતું.
૧૦. 'સૌરાષ્ટ્ર' ૧૨ ઑક્ટોબર, ૧૯૧૯, પૃ. ૪૭ ૧૧. 'સૌરાષ્ટ્ર' ૧૯ ઑક્ટોબર, ૧૯૨૯, પૃ. ૮૪
૧૨. 'સૌરાષ્ટ્ર' ૨૬ ઑક્ટોબર, ૧૯૨૯, પૃ. ૧૨૭
૧૩. પાઠક, રામનારાયણ નાગરદાસ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૧૮-૧૯ ૧૪. એજન, પૃ. ૧૧૯
૧૫. 'સૌરાષ્ટ્ર,' ૧૯ ઑક્ટોબર, ૧૯૨૯ પૃ. ૧૦૫
૧૬. શ્રી. મોહનલાલ સંઘવી ધ્રાંગધ્રા રાજ્યના વતની હતા, ધ્રાંગધ્રા રાજ્ય સામે માથું ઊંચકનાર પ્રથમ સૈનિક. રાજ્યે એમને મારઝૂડ કરી, એમની મિલકત જપ્ત કરી હદપાર કર્યા ત્યારે એઓ વઢવાણ જઈ વસ્યા હતા. -શાહ જયાબહેન વજુભાઈ, પૂર્વોક્તગ્રંથ, પૃ. ૪૮૯-૯૦
૧૭. 'સૌરાષ્ટ્ર', ૯ નવેમ્બર, ૧૯૨૯, પૃ. ૧૭૯
૧૮. પાઠક, રામનારાયણ નાગરદાસ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૨૦
૧૯. 'સૌરાષ્ટ્ર,' ૨૧ ડિસેમ્બર, ૧૯૨૯, પૃ. ૪૩૧ ૨૦. એજન, પૃ. ૪૨૫-૨૬



For Private and Personal Use Only

# આયના-મહેલનું અનેરું આકર્ષણ

શ્રી. પ્રમોદ જેઠી

**નાગપંચમીની સવારીનો હૂબહૂ ચિતાર આપતું કમાંગરી ચિત્ર :** કચ્છની આગવી ચિત્ર-કલા એ 'કમાંગરી ચિત્રકલા' છે. કચ્છના કમાંગરો પોતાની હૈયાસૂઝથી ચિત્રો બનાવતા. એમની શૈલી અનોખી છે. લગ્નપ્રસંગે કે નવાં મકાન બનાવવા પ્રસંગે ઘરના મુખ્ય બારણાં બહારની બાજુએ હિંદુ લોકો શુભ અને લાભ તેમજ હાથી અને સિંહનું ચિત્ર કમાંગરો પાસે કરાવતા. નવા મકાનને બહારથી સુશોભિત કરવા માટે પણ કમાંગરી ચિત્રોનો ઉપયોગ કરવામાં આવતો. આજ પણ જૂનાં મકાનો છે તેની બહારની બાજુએ આ જાતની ચિત્રકલા જોવા મળે છે. આ કમાંગરો પથ્થરોને ઘૂંટીને રંગ બનાવતા. એઓની પ્રોસેસ-ક્રિયા અલગ જ હોય છે. એમની ચિત્રની સ્ટાઈલ પણ અલગ તરી આવે છે, સને ૧૯૪૮ માં ભારત સ્વતંત્ર થયું ત્યારે આ કમાંગરોનાં અમુક કુંટુબો પાકિસ્તાન ચાલ્યાં ગયાં. આ કમાંગરી ચિત્રની કલા હાલમાં મૃતપ્રાય અવસ્થામાં છે. કચ્છ-ભૂજમાં છેલ્લા કમાંગર ચિત્રકાર શ્રી અલીમામદ હતા. કચ્છમાં જુદી જુદી જગ્યાએ અંજારમાં મેકમર્ડોનો બંગલો, મુંદ્રામાં ઓસવાળ ડેલી પાસે, ભારાપરમાં મુનાબાની ડેલી, તેરામાં રાજગઢમાં, ધીણોધર થાનમાં દીવાલો પર પક્ષીઓની ગાડીઓ(રથ) જોવા મળે છે. કચ્છ-મ્યુઝિયમમાં નાગપંચમીનો સ્ક્રોલ અને તાજિયાનું દૃશ્ય કમાંગરી શૈલીમાં જોવા મળે છે. ભૂજના આયના-મહેલમાં આ જાતની ચિત્રકારીનું અમૂલ્ય ચિત્ર સુરક્ષિત રીતે પ્રજાને જોવા માટે મૂકેલ છે.

આયના-મહેલમાં દાખલ થતાં જમણા હાથ પર આ સવારીનો સ્ક્રોલ સમાવવામાં આવેલ છે શરૂમાં એના પર લખેલ છે : "આ સ્વારી કચ્છના રાઓશ્રી પ્રાગમલજી બહાદુરની છે. લંબાઈ ૪૭ ફુટ છે. રહેવાસી કચ્છ ભુજના વાઢા જુમા ઈબ્રામે આ સ્વારીનો નકશો લખ્યો છે. સં. ૧૯૩૨." આ આ સવારીનું ચિત્ર ૪૭ ફૂટ લાંબું ને ૯ ઈન્ચ પહોળું છે. આ ચિત્રને ૧૧૫ વર્ષ થયેલ છે, પરંતુ એના રંગો આજ પણ મનોમોહક લાગે છે. આ ચિત્રમાં ઘોડા ૮૮, હાથી ૮, ઊંટ ૭ અલગ અલગ મુદ્રામાં બતાવેલ છે.

વળી, તોપગાડી, માતાજીની વેલ, બાજણિયો, મોરજર, માહી-મરતબ(માછલી), સિંહનું મહોરું ગણેશ અને હનુમાન-પતાકા, ગંગાજડી, જરીપટકો, રણજિત-નિશાન, નાગાબાવા, જમાદારનો રસાલો મુગલાઈ રસાલો, કચ્છી રસાલો, મલેક સૈયદનો રસાલો, અરબી બેરખ, રણશીંગાવાળો, નગારં નિશાન, સાહેબી નગારું તથા ઊંટ નગારું વગેરેનાં લાક્ષણિક મુદ્રામાં ચિત્ર કરી કમાંગર જુમાએ કમાલ કરી બતાવેલ છે.

કચ્છમાં સવારીનું મહત્ત્વ હતું. આ સવારીની શરૂઆત સં. ૧૭૮૫ શ્રાવણ સુદિ ૫ ના દિને ભુજિયાના કિલ્લા પર અમદાવાદના સૂબા શેરબુલંદખાન સામે કચ્છ રાજ્યનું યુદ્ધ થયેલ, જેમાં કચ્છ રાજ્યને વિજય થયો એ યોદ્ધાઓને સંપૂર્ણ માનપાનથી ભૂજિયાના કિલ્લા પરથી ગામમાં લઈ આવ્યા તે વખતે રાવસાહેબ પોતે પોતાનાં તમામ લશ્કર રાજરસાલો અમીર ઉમરાવો સાથે વાજતે ગાજતે ભૂજિયા પર પધાર્યા ત્યારથી થયેલી. આ વિજયદિન કચ્છની પ્રજાના હૃદયે યાદ રહે એ માટે ત્યારપછી વર્ષોવર્ષ વિજયદિન ઊજવવામાં આવતો હતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ષ દરમ્યાન થતી સવારીઓ :

૧. શ્રાવણ સુદિ ૫ દરબારગઢથી ભૂજિયા તરફ

૨. શ્રાવણ સુદિ ૮ સરપટના નાકાથી રુદ્રાણી તરફ

૩. શ્રાવણ સુદિ ૧૩ શ્રી ખેંગારજી બાવાના જન્મદિન પ્રસંગે સુરલભાટ તરફ

૪. શ્રાવણ સુદિ ૭ શીતળા માતાનાં દર્શન માટે

૫. શ્રાવણ વદિ ૮ મ. શ્રી વિજયરાજજી બાવાના જન્મદિન પ્રસંગે મહાદેવનાકા તરફ

૬. ભાદરવા માસના પહેલા અને બીજા સોમવારે નાના જખના મેળા માટે

૭. આસો સુદિ ૧૦ વિજયાદશમીની શમીપૂજન-સવારી

૮. આસો વદિ ૧૩ ધનતેરસની ખારસરા મેદાન તરફ

૯. આસો સુદિ ૫ માતાજી શ્રી મઢવાળાં આશાપૂરાજીનાં ચમર જ્યારે ઉપાડતા ત્યારે દરબારગઢથી પાટવાડીના નાકા તરફ પગપાળા રવાના

૧૦. ભૂજનાં આશાપૂરાજીનાં ચમર ઉપાડવા

૧૧. કારતક સુદિ ૧ પડવાની

૧૨. પીરાનપીરના મેળાના દિવસે પાટવાડીનાકા બહાર

૧૩. દાદુપીરના મેળાના દિવસે ભીડનાકા બહાર

૧૪. જેઠ માસમાં ભીમ-અગિયારસના દિવસે વેલ કે રથો સાથે સવારી વહેલી સવારે મહાદેવના નાકાથી થતી.

એ ઈદગાહ પાસે આવી હમીરસર તળાવમાં માટીનાં ખાણેતરાંનો વિધિ સૌ પ્રથમ રાજકુટું-બીઓ જાતે કરતાં, ત્યારબાદ સવારીના અમીર ઉમરાવો તથા ત્યાં હાજર રહેલ શહેરીજનો પણ જાતે કરતાં અને ત્યાંથી માટીનાં ઢેફાં હાથે ઉપાડી ઈદગાહ પાસે તળાવની પાળ પર ઠાલવતા.

આમ ઉપર્યુક્ત ૧૪ સવારી વર્ષમાં નીકળતી, જેમાંથી મોટામાં મોટી સવારી શ્રાવણ સુદિ ૫ ને નાગપંચમીના દિવસે નીકળતી. ભૂજ અને એની આજુબાજુનાં ગામડાંઓમાંથી લોકો ભૂજ આ સવારી જોવા ખાસ આવતા. આ સવારીમાં બાળકો, મોટા તથા વૃદ્ધોને રમૂજ એ લાંબી લાકડાની ઘોડી પર ઉપરના ભાગમાં પગ બાંધી ચાલતા બજાણિયા કરાવતા. સવારી દરબારગઢના મુખ્ય નાકાથી શરૂ થતી. મહારાવશ્રી હાથી પર રાખેલ અંબાડી પર બેસતા અને એમને છાંયો કરવા માટે એક માણસ હાથમાં ચાંદની પકડી ચાલતો. પાલખી સાથે હાથી દરબારગઢના નાકામાંથી પસાર થઈ શકતો નહિ તેથી દરબારગઢના નાકા પાસે ઢાળવાળો ખાડો કરવામાં આવતો.

ભીડના ચોક પાસે આવેલ સાંકળવાળા પીર પાસેથી સવારી પસાર થતી ત્યારે સાંકળવાળા પીરના ગાદીપતિ અને મહારાવશ્રી સામસામે નજરાણાંની આપલે કરતા. આ સવારીનો પ્રજામાં ઉમંગ હતો, ઉત્સાહ હતો. આ જાતની સવારી ઈ. સ. ૧૯૪૮ બાદ બંધ કરવામાં આવી. આજ પણ કચ્છના રાજા શ્રાવણ સુદિના નાગપંચમીના દિવસે ભૂજિયાના કિલ્લા પર આવેલ નાગમંદિરમાં દૂધ ચડાવવા જાય છે, પરંતુ ફરક એટલો કે એઓ એક બે માણસ સાથે મોટરકારમાં આવે છે.

આધાર સંદર્ભ : કચ્છનું દર્શન, લેખક શંભુદાન ગઢવી

ઠે. આયના-મહેલ, દરબારગઢ, ભૂજ-૩૭૦૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(અનુ. પાના ૪ નું ચાલુ)

વિદેશી ઉદ્યોગોના માલની જોરદાર માંગ વધી જશે, આના પરિણામે દેશી ઉદ્યોગોનાં કારખાનાંઓમાં પેદા થયેલો માલ ફિક્કો, હલકા ભરનો હોવાથી ખપશે નહિ, એટલે દેશી ઉદ્યોગોમાં માલનો ભરાવો થતાં કારખાનાં બંધ થશે કાં કામદારોની છટણી શરૂ થશે. માંદા અને નબળા એકમો ગણીને દેશી ઉદ્યોગો બંધ કરાતા જશે, તાળાં વાગશે, જેથી દેશના ગ્રામોદ્યોગો, હસ્તોદ્યોગો, ગ્રામોદ્યોગો, કુટિર-ઉદ્યોગો તેમજ દેશી કારખાનાંઓના કરોડો કામદારો બેકાર થઈ જશે. (૪) વિદેશી કમ્પનીઓ કમાણી કરીને નફારૂપે મળેલી સંપત્તિ એમના દેશોમાં ખેંચી જશે, જેથી ભારતનાં આર્થિક ધોવાણ, શોષણ, આર્થિક બરબાદી અને પાયમાલી વધતાં જ જશે. વિદેશીઓ તાજા, સમૃદ્ધ અને સંપન્ન થશે અને આપણો દેશ ગરીબી, બેકારી, બેરોજગારી, મોંઘવારી અને આર્થિક લૂંટનો ભયંકર ભોગ બનશે. (૫) માત્ર એક જ 'ઈસ્ટ ઇન્ડિયા કમ્પની' આવી હતી ઈગ્લેન્ડથી, જેણે ઉત્તરોત્તર હિન્દના વેપાર રોજગાર, ઉદ્યોગધંધા, શિક્ષણ સભ્યતા વગેરેને કબજે કરીને સારાયે દેશને ગુલામ બનાવ્યો હતો તેમ આ વિદેશી કમ્પનીઓ મારફતે કારખાનાં નાખીને છેવટે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, બેલ્જિયમ, જાપાન, રશિયા, ચીન વગેરે દેશો ભારતના ટુકડા પાડીને, ગીધડાંઓની જેમ ભારત માતાને ચૂંથીને છિન્નભિન્ન કરી નાખશે અને આપણો દેશ વિદેશી ગુલામીનો ભોગ બનશે.

**સ્વદેશી લડત : આઝાદી બચાવો લડત :** ગાંધીજી ૩૨ વર્ષ લડેલા, દેશના અઢી લાખ લોકોએ શહાદત વહોરેલી ત્યારે અંગ્રેજી નાગચૂડમાંથી દેશને ગાંધીજી આઝાદ કરી શકેલા, જ્યારે આપણા શાસકો શું ફરીથી ઝેરનાં પારખાં કરવા માગે છે અને દેશને શું બીજી વાર ગુલામ બનાવવા માગે છે ? એ હરગિઝ થઈ શકશે નહિ. આ દેશની જાગ્રત જનતાએ શાસકો સામે એમની ખોટી અર્થનીતિ, ખોટી ઉદ્યોગનીતિ, ખોટી આયોજનનીતિ અને ખોટી શિક્ષણનીતિ પરત્વે અહિંસક માર્ગે લડત આપવી જ પડશે, જેને માટે આપણે ખાદી ગ્રામોદ્યોગ તથા સ્વદેશી માલ જ આપણે વાપરીશું. વિદેશી માલ અને વિદેશી કમ્પનીઓનો આપણે બહિષ્કાર કરવો જ પડશે, ગાંધીચીંધ્યા માર્ગે દેશની અર્થનીતિ બદલવા માટે ઠેર ઠેર જનતાએ મામલતદારો, કલેક્ટરો, પ્રધાનો, મુખ્યપ્રધાનો, વડાપ્રધાન, રાષ્ટ્રપ્રમુખ વગેરેને મેમોરેન્ડમ નિવેદન આપીને સખત વિરોધ કરવો જ પડશે, ઉપવાસો, હડતાળો, બંધ, ઘેરાવા, પોસ્ટર-પ્રદર્શનો, સભા-સરઘસો સંમેલનો કરીને સ્વદેશીનું આંદોલન અને 'પરદેશી ગુલામી હટાવો' આંદોલનને જોરદાર બનાવવું જ પડશે, તો જ આપણા દેશની આઝાદી બચી શકશે. રશિયા-અમેરિકાને માર્ગે દેશનું નવનિર્માણ કરવામાં શાસકો નિષ્ફળ ગયા છે માટે એ માર્ગ છોડે અને ગાંધીમાર્ગે સ્વાશ્રય, સ્વાવલંબન, સ્વાયત્તતા, સ્થાયી અર્થવ્યવસ્થા, માનવીય અર્થ-તંત્ર, સ્વદેશીભાવના, ગ્રામસ્વરાજ્ય, વિકેન્દ્રીકરણ વગેરે પ્રગટાવવા માટે આ દેશના નવજુવાનો, શિક્ષકો, બૌદ્ધિકો, લોકશાહીપ્રેમીઓ, ગાંધીસેવકો, પત્રકારો અને લોકક્રાન્તિ-સંપૂર્ણ ક્રાન્તિ પ્રગટાવવા પ્રચંડ પુરુષાર્થ કરવો જ પડશે. કવિએ ગાયું છે કે "जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी !" અર્થાત્ માતા અને માતૃભૂમિ સ્વર્ગથીયે મહાન છે ! એ માતૃભૂમિની આઝાદી માટે આપણે શાસકોને એમની ખોટી તમામ નીતિઓ છોડવા માટે ફરજ પાડવી જ પડશે અને ગાંધીચીંધ્યા માર્ગે દેશનું નવનિર્માણ કરવા માટે શાસકોને નૈતિક તાકાતથી પ્રેરવા જ પડશે, તો જ આપણે ગાઈ શકીશું : "ઝંડા ઊંચા રહે હમારા !" સ્વામી વિવેકાનન્દ કહે છે : 'એરાઈઝ, અવેઈક એન્ડ સ્ટૉપ' અર્થાત્ ઊઠો, જાગો અને સંપૂર્ણ ધ્યેયને પ્રાપ્ત કર્યા વગર રોકાશો મા ! દેશભક્ત કવિશ્રી રામનારાયણ વિ. પાઠક ગાય છે :

"રૂઝવે જગના ઝખ્મો, આદર્શોને પૂરાં કરે; ચલાવે સૃષ્ટિનો તન્તુ, ધન્ય તે નવયૌવન."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનલાલ ઈંદ્રજી' 'પુરાવિદ શ્રીવલ્લભજી હરિદત્ત આચાર્ય' 'પુરાવિદ શ્રી ગિરિજાશંકર આચાર્ય' 'જૂનાગઢ મ્યુઝિયમની નોંધણીપદ્ધતિનો અભ્યાસ' 'ભારતીય મ્યુઝિયમની ગાથા' 'પ્રભાસપાટણ મ્યુઝિયમે પ્રાપ્ત કરેલ કેટલાક નવા શિલ્પખંડો' 'સોમનાથનું શિલ્પાંકન' 'કચ્છ મ્યુઝિયમમાં સગૃહીત શિલ્પ સ્થાપત્ય' 'જૂનાગઢ મ્યુઝિયમે પ્રાપ્ત કરેલું જલકન્યાનું શિલ્પ' 'ગુજરાતમાં સૂર્યનું મૂર્તિવિધાન' અને 'બાર્ટન મ્યુઝિયમે પ્રાપ્ત કરેલ નવાં શિલ્પો' આ લેખો ધ્યાન ખેંચનારા છે. એમાં 'ઇતિહાસ' છે, 'પુરાતત્ત્વ' છે, 'શિલ્પ' છે, 'સ્થાપત્ય' છે અને 'પુરાવિદોનાં ચરિત' પણ છે. સોમનાથ-જૂનાગઢ-ભાવનગર-ભૂજનાં મ્યુઝિયમોના સંરક્ષકની જવાબદારીના સમયે નવરા ન બેસતાં માત્ર પુરાવશેષોનાં નામ નોંધી સુરક્ષિત કરવા પૂરતાં બેસી ન રહી, એમણે પોતાનો સમય પ્રાપ્ત મહત્ત્વના અવશેષોના અભ્યાસમાં ગાળ્યો છે એની આ લેખો સાક્ષી પૂરે છે. અમારો સંતોષ અમે આ ગ્રંથના 'આમુખ'માં બતાવ્યો જ છે. એમની પાસેથી આપણને અવારનવાર નવું નવું મળતું રહે છે એ નોંધપાત્ર છે.

**૬. લીંબડીની ઝમાળ :** સંપાદકો પ્રો. ડૉ. પ્રભાશંકર તેરૈયા અને શ્રી રતુદાન રોહડિયા, પ્ર. શ્રી જયંત મ. ઉદાણી, કુલસચિવ-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫; ડેમી સિન્ગલ ૮ પેજી પૃ. ૬ + ૧૦૫; ૧૯૯૦; કિં. રૂા. ૧૮/-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે એના ગુજરાતી ભાષા-ભવનના હસ્તલિખિત ગ્રંથસંગ્રહમાં નાનો પણ નોંધપાત્ર વિવિધ લોકકવિઓએ રચેલી ડિંગળ ભાષાની કૃતિઓનો જથ્થો પણ છે. બહેરા-મૂંગા છતાં ચારણી સાહિત્યના ઉચ્ચ કોટિના વિદ્વાન શ્રી. રતુદાન રોહડિયાની સેવાઓ સૌ. યુનિ.ને લગભગ એના આરંભથી જ મળી છે. આ બહુમૂલ્ય હસ્તપ્રતો સ્વ. ડૉ. ડોલરરાય રં. માંકડ કુલપતિ હતા ત્યારે સંગૃહીત કરવામાં આવેલ આજે વ્યવસ્થિત રીતે સચવાઈ રહી છે. સૌ. યુનિ. દ્વારા આ મહત્ત્વની હસ્તપ્રતોની વિગતો આપતો એક ગ્રંથ પણ 'ચારણી સાહિત્યપ્રદીપ' પ્રકાશિત થયેલો જ છે. આ પૂર્વે પણ નિવૃત્ત અધ્યાપક ડો. ઈશ્વરભાઈ દવે અને શ્રી રતુદાનજીએ મળી એક ગ્રંથ પ્રસિદ્ધ કરેલો. બીજો ગ્રંથ ડૉ. તેરૈયાએ અને શ્રી રતુદાનજીએ મળીને તૈયાર કર્યો તે છપાઈને આપણા હાથમાં આવ્યો છે.

બે અર્ધ દોહરા અને ચાર ચરણ પ્લવંગમ છંદના એ રીતે ૮ ચરણોના કુંડળિયા પ્રકારની ૨૭ કડીઓના 'ઝમાળ' સંજ્ઞાથી જાણીતા છંદમાં રચાયેલો, કવિ રણમલ મોતીસરે રચેલો 'લીંબડીની ઝમાળ' શીર્ષકનો આ ડિંગળી ભાષાનો કાવ્યગ્રંથ છે. મૂળ વાચના આપી એની નીચે પ્રત્યેક શબ્દનો અર્થ અને એની નીચે ભાવાર્થ આપવામાં આવેલ છે. દોઢ સૌકા પૂર્વે મરાઠી-ગાયકવાડી ફોજના ત્રાસથી કંટાળીને એના એવા અન્યાયી વલણ સામે યુદ્ધે ચડેલા લીંબડી રાજ્યના ઠાકોર હરભમજી ઝાલાના પરાક્રમની ગાથા ગાતું આ ઈતિહાસ-કાવ્ય છે. વિદ્વાન સંપાદકોએ ૫૦ જેટલાં પાનાંમાં કવિ, કાવ્યનું વસ્તુ અને કાવ્યની વિશિષ્ટતા વિશે અધિકૃત રીતે નિરૂપણ કરેલ છે. ઈતિહાસની વિગતોથી સભર પ્રસ્તાવના નોંધપાત્ર છે. છેલ્લે પાંચ પરિશિષ્ટોમાં 'ઝમાળ' છંદનાં પાંચ ગીતો, છઠ્ઠા પરિશિષ્ટમાં મરાઠાઓએ રૂપાવટી ગામ બાળ્યાના પુરાવારૂપ દસ્તાવેજ, એ પછી શબ્દકોશ અને સંદર્ભસૂચિ આપેલ છે. આ કાવ્યનું સંપાદન સં. ૧૯૧૧ (ઈ.સ. ૧૮૫૫)ની હસ્તપ્રત પરથી થયેલું છે. બંને વિદ્વાનો ધન્યવાદને પાત્ર છે અને સૌ. યુનિ.એ પ્રકાશન કર્યું છે માટે એ પણ.

—તંત્રી

મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો., ડૉ. કેશવરામ કા. શાસ્ત્રી, ૩. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૬-૧૯૯૨

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only